सत्यमेव जयंती.

ભાનુમતિ વિજય નાટક.

ચતુર્થાંકી.

રચ્યો પ્રસિદ્ધ કરનાર
વ્યાસ મગનલાલ હરજીવન માસ્તર.

दुहा.

नीति पें प्रीति नहि, भीती नहि भगवंत,
स्थीती उनकी कौनसी; देखो यह आद्यंत,

મુંબઈ:
ધી રાઈઝીંગ સ્ટાર પ્રીંટીંગ પ્રેસમાં છાપી છે.
સને ૧૮૮૮—સંવત ૧૯૪૪.

કિંમત આઠ આના.

પ્રસ્તાવના.

નીતિ રેવ સદ્ધર્મઃ એ સર્વમાન્ય અને સર્વગ્રાહ્ય સિદ્ધાંતની પરિપૂર્ણતા થએલી પ્રિય વાંચનાર તું આ ગ્રંથમાં નિહાળીશ. અનીતિને ધિક્કારી, અધમ ગણી પવિત્ર અને સર્વાંગે પૂજ્ય દેવી નીતિને આ ન્હાના ગ્રંથની મેં અધિષ્ટાત્રી બનાવી છે. દુષ્ટા અનીતિનો તિરસ્કાર દર્શાવવાનો ઉદ્દેશ, એ આ ગ્રંથનું પ્રયોજન છે. એ પ્રયોજન વાસ્તવ્ય છે કે નહિ એ વિચારવાનું કે તેનુ પ્રથકકરણ કરવાનું કાર્ય વિદ્વજ્જનોનું છે.

સર્વ પ્રકારે સબળ છતે, લાખો મનુષ્યોનો સરદાર છતે અને સર્વ કંઈ ઐશ્વર્યથી વેષ્ટિત છતે એક મહારાજાની અનીતિથી કેવી દયાપાત્ર દશા થઈ એ આ નાટકમાં દર્શાવવાનો શ્રમ લેવામાં આવ્યો છે. સત્ય આખરે કેવું તરી આવે છે, કપટનું ચપટ કેમ થાય છે, કાચા કાન કેવી ખરાબી કરે છે, દુષ્ટની દશા કેવી થાય છે, નિર્દોષ ઉદ્દેશનો કેવો ઉત્તમ બદલો મળે છે, પ્રીતિ એ કેવી ઉમદા ચીજ છે, નીરાધાર છતે પણ ઈશ્વરભાવ કેવો સુખકારક થઈ પડે છે, શીલતા કેવી સર્વોત્તમ છે, ધીરજનાં ફળ કેવાં છે, એ વિગેરે અનેક પ્રસંગો, અનેક શિક્ષણો અને અનેક બાબતો ભિન્ન ભિન્ન સ્થળે આ નાટકમાં આણવાનો પ્રયાસ લીધો છે.

તાદૃષ્ય ચિતાર આપવા સારૂજ મેં નાટક પસંદ કીધું છે. જોનાર ઉપર નાટક તખતો સહજમાં જેટલી અસર કરી શકે છે તેટલી વાર્તા કે કાવ્ય કરી શકતી નથી આમ મારૂં માનવું છે. મારા આ માનવાની વિરૂદ્ધ મતો ન હોય એમ કોઈએ કલ્પના કરવી નહિ.

પાત્રાપાત્ર વિચાર, વસ્તુ સંકળના અને રસ એ ત્રણ બાબતો સંબંધ નાટકમાં નિહાળવાનું છે. મારો આ પ્રથમજ પ્રયાસ હોવાથી હું તેમાં કેટલો કૃત્તેહ નિવડયો છું એ પ્રિય વાંચનારે

તપાસી મને ઈન્સાફ આપવાનો છે. પાત્રોના મુખમાં, ચાલતા પ્રસંગે કવિતા ઘોંચી ઘાલવી એ કેટલાકોનો સ્વાભાવિકતાથી વિરૂદ્ધ ભાસે છે અને મારો વિચાર પણ તેજ છે તથાપિ ચાલુ રૂઢીને અનુસરી મેં આમાં કંઈપણ ફેરફાર કર્યો નથી.

ખાનગી કામની વ્યવસ્થાએ પ્રેસના ચાલુ કામે પ્રેસથી દૂર રહ્યાને લીધે છપાઈ ને પ્રુફ ઉપર જોઈતું લક્ષ આપી શકાયું નથી તેથી વાંચનારે ક્ષમા કરવી.

આ નાટક રચતાં અને છપાતાં, મને મારા મિત્ર મી૰ મૂળચંદ ત્રીકમ મેહેતા તથા માસ્તર વેણીલાલ છગનલાલ તરફથી જે જે મદદ મળી છે તેમનો હું મોટો આભાર માનું છું.

મુંબઈ, તા૰ ૧૦ મી મે ૧૮૮૮ }
૧૯૪૪ ના દ્વિતિય ચૈત્ર વદ ૦)) }

મગનલાલ હરજીવન
માસ્તર.

મૂખ્ય પાત્રો.

કનકસેન......................કનકાવતીનો રાજા.

ભાનુમતિ ....કનકસેનની રાણી.

સુલોચના ....કનકસેનની રાણી.

કલહપ્રિયા ....કનકસેનની રાણી.

પ્રતાપસિંહ ....સાંતિપૂરનો રાજા.

માનસિંહ ....મંગળપૂરનો રાજા.

મેનકા ....માનસિંહની કુંવરી.

વીરસિંહ ....કનકસેનનો કુંવર.

પાનાચંદ ....મંગળપૂરનો નગરશેઠ.

હેમો ....મંગળપૂરના નગરશેઠનો નોકર.

દેવકોર ....પાનાચંદની સાળી.

સેનાપતિ, દિવાન, રાક્ષસ, પ્રવાશિઓ, હેરક, પૂરવાશિઓ, શિપાઈઓ, ઈત્યાદિ, ઈત્યાદિ.

ભાનુમતિ વિજય.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો.

સ્થળઃ—રાજમાર્ગ.

ખીમચંદ, હીરાચંદ અને નવલચંદ.

ખીમચંદ—કેમ ભાઈ હીરાચંદ! આટલા બધા ઉતાવળા ક્યાં જાઓ છો ને હાંફો છો કેમ?

હીરાચંદ—ઉતાવળા ન જઈએ તો શું મરીએ? આવો રાજા ને આવું અંધેરતો કોઈ દહાડે જોયું નથી તેમ સાંભળ્યું પણ નથી.

ખીમચંદ—કેમ? વળી કંઇ નવી જુની છે કે? કોના ઉપર એ ધાડ આવી છે? અરે દુષ્ટ વિષયી રાજા તું પ્રજાને કયારે સંતાપતો અટકીશ?

હીરાચંદ—અરે ભાઈ! દુઃખની કહાણી શું કહું? મારા ભાઈની સોળ વરસની બિચારી ગભરૂ બાળકીને રાજાના યમદુત ઉપાડી ગયા છે. આવો અન્યાય તો જગતમાં બીજે કયાંઈ નથી.

ખીમચંદ—ત્યારે શું આજે મહાજન એજ માટે મળવાનું છે?

હીરાચંદ—હા ભાઈ! એજ માટે મળવાનું છે, પણ એવી ને એવી બીજી એક હજાર ફરિયાદો તો નગરશેઠ પાસે આવી

ચુકી છે અને તેથી એ સઘળાનો એક સાથેજ ફેસલો થવાનો છે.

ભીમચંદ—અરર! પ્રજા ઉપર જુલમ કેવો ગુજરે છે? કોઇ સાંભળનારજ નથી. જ્યારે રાજા મરજીમાં આવે તેમ વર્તે ત્યારે અમલદારો ને તાબાનાં માણસો અંધેર ચલાવવામાં બાકીજ શું કરવા રાખે? પણ ભાઈ! ફેસલો શું થશે?

હીરાચંદ—એજ કે સઘળાઓએ આ અંધેર નગર, અંધેર રાજ્ય ને દુષ્ટ રાજાને તજી જવો; બીજું શું? બિચારી રાંકડી રૈયત બીજું કરે પણ શું?

ભીમચંદ—પણ મેં સાંભળ્યું છે કે જનાનામાં જબરી ખટપટ જાગી છે. રાણી સુલોચનાના પાટવી કુમારને રાણી કલહપ્રિયાએ મારી નખાવ્યો છે અને તેનો ટોપલો ગર્ભવતી રાણી ભાનુમતિ ઉપર ઓળવાયો છે. કહે છે કે ભાનુમતિએ પોતાના પ્રસવનાર કુમારને (!) પાટવી પદ અપાવવાની ચાહનાથી એ દુષ્ટ કામ કર્યું છે.

હીરાચંદ—ભાનુમતિ એટલી બધી દુષ્ટ નથી કારણકે અમે ઘણીવાર ઝવેરાત આપવા જઈએ છીયે એટલે તેના સ્વભાવની અમને માહિતી છે; બાકી તેના ઉપર ઢોળી નાખવામાં આવ્યું હશે એમાં કશો શક નથી. ભાઈ આ રાજ્યમાં જેટલું નવું જુનું નહિ થાય તેટલું ઓછુંજ છે

(નવલચંદ પ્રવેશ કરે છે)

નવલચંદ—કેમ ભાઈઓ! આજની સભામાં આવો છો કે? હવે તો અકરાકેર વર્તી રહયો છે અને ઠામ ઠામ ત્રાહિ ત્રાહિના પોકારો પડી રહ્યા છે. કારભારીએ માગ્યા પ્રમાણે રૂપીયા નહિ આપ્યાથી હમણાજ પેલા ભીમા પટેલનું ઘરબાર જપ્ત કરી તેનાં બાયડી, છોકરાને હાંકી કાઢયાં છે.

હીરાચંદ—ગજબ! ગજબ!! હવે તો કાળો કેર વર્તાવા લાગ્યો. ચાલો ભાઈ, હવે હું જાઉંછું. ઓ! પ્રભુ મારા ભાઈની

અને તેની દીકરીની શી દશા થઈ હશે ?

(હીરાચંદ જાય છે.)

નવલચંદ—શું હીરાચંદના ભાઈના ઉપર પણ વાદળ તુટી પડયું છે કે ? કેવો અશરાફ માણસ !

ખીમચંદ—ભાઇ, આ અંધેર રાજ્યમાં સારા ને નરસાની ગણુનાજ ક્યાં રહી છે ? જુઓની એમ હોતતો માત્ર થોડીક મેહેસુલ માટે ગરીબ બિચારા ખેડુતોનાં ઘરબાર લુટાત ? કારભારીઓ ને ત્રણુ બદામના શિપાયડાઓ સારા ઘરની વહુ દીકરીઓ ઉપર કુદષ્ટી સરખી પણુ કરી શકત ?

નવલચંદ—પ્રજા ઉપર જુલમનો જેટલો વર્ષાદ નહિ વરસે તેટલો ઓછોજ છે. ચાલો, આવો છો કે ? વખત થઈ ગયો છે.

ખીમચંદ—હા ભાઈ, ચાલો.

(બંને જણુ જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળઃ—સુલોચનાનો મેહેલ.

સુલોચના અને કનકસેન

સુલોચના—(ઊંડા નિઃશ્વાસ નાખતી) ઓ ભલા ભગવાન। કૃપાળુ પ્રભુ ! તેં આ શો અકરાકેર કર્યો ? મારૂં ચૈતન્ય, મારૂં જીવન, મારૂં જીંદગીનું સુખ અને મારૂં સર્વસ્વ ઓ ક્રુર હૃદયના, કાળમુખા કાળ તેં એક પળવારમાં છીનવી લીધું. ઓ દુષ્ટ દીલના ઘાતકી કાળ ! શું તને આવું અધમ કૃત્ય કરતાં જરાપણુ દયા ન આવી ? તારી છાતડી કેમ ન ચીરાઈ ગઈ ? તું ત્વરીત ફાટી કેમ ન મુઓ ? મારા એકના એક પુત્રને, અરે ! કનકપુરીના ચંદ્રમુખ રાજ્યરત્નને લુટી લેતાં તને પૃથ્વીમાતાએ ઊંડાગારમાં

કેમ ન નાખી દીધો? સમુદ્ર તારાપર કેમ ન ઉનટી આવ્યો? પર્વતોએ તને કેમ ન દાટી દીધો? સુર્ય દેવતાએ તને કેમ ન ભસ્મ કરી નાખ્યો? જંગલના હિંસક પ્રાણીઓ તારો ભક્ષ કેમ ન કરી ગયાં? પણ હાય! તે સર્વનો કાળતો તું છે. ત્યારે ઓ દયાહીણને ઘાતકી દીલના કાળમુખા કાળ! હું તને વધારે શું કહું? પણ ઓ મારા પાટવી કુમારની જીવલેણ હત્યારી ભાનુમતિ, તારી આખર આવી ચુકી છે એમ તું સમજ. મારા ક્યા જન્મની વૈરિણી તું છુપાઈ બેઠી હતી કે આવું હત્યારૂં અધમ કામ કરાવતાં તારી છાતી ફાટી ન પડી? ઓ અબળના બેલી! નિરાધારના આધાર! આવું કૃત્ય તને ન છાજે. અરે!

લલિત છંદ.

ગજબ આવડો, શો કીધો પ્રભુ; દિલ નહીં દયા, આણી તેં વિભુ.
જીવન માહરૂં, લુટીરે લીધું; અધિક શું વદુ, ભુડું તે કિધું. ૧.
અબળ જાણીને, લુટતો ફરે; અધમ કૃત્યએ, દુષ્ટનું ખરે.
દૈવ દુષ્ટને, ન્હોય કંઈ દયા; કરમ ફીટિયું માત ઉમિયા. ૨.

“ બાળપણામાં બાળનાં” એ રાગ.

પુત્ર પ્રતાપિ ઓ માહરા, કનકાપુરીના ચંદ્ર,
અસ્ત થયો તું સત્વરે, પડીયો દુષ્ટને ફંદ;—પુત્ર પ્રતાપિ૦ ૩.
તારી માતા અહિં ટળવળે, તુજ વિણ કરતી પોકાર,
ઝેર સમું થયું જીવવું, રહયો કોનો આધાર?—પુત્ર પ્રતાપિ૦ ૪
કેમ કરૂં ક્યાં હું જઊં? નથી સુઝતો ઉપાય,
ફુટયું કરમ અરે માહરૂં? કરશે કોણ સહાય?—પુત્ર પ્રતાપિ૦ ૫
આશા ઉડી ગઈ મુજની, ગયો સબળો આધાર,
વૈરિણી પેલા ભવતણી, કરીયો પુરો સંહાર-પુત્ર પ્રતાપિ૦ ૬.

(કનકસેન આવે છે.)

કનકસેન—પ્રિયા! અતિ કલ્પાંત મા કર. તારી સુકોમળ

દેહમાં એથી વ્યાધિ ઉત્પન્ન થશે શાંત થા. હું ખુનીની તજ વીજમાં છું અને અવસ્ય હું તેને ઘટતું શાસન કરીશ.

સુલોચના—કેમ શાંત થઊં સૌભાગ્ય પતિ? જ્યારે મારૂં સર્વસ્વ લુટાઈજ ગયું છે ને મારી જીંદગીની તમામ આશા ભ્રષ્ટજ થઈ છે ત્યારે શાંત તે કેમ થઊં? હવે શાંત થઈને મારે કરવુ પણ છે શું? મારા ઈરાદામાં આગ ઉઠી, મારા મનોરથમાં મોહોકાણ વળી અને મારી મનકામનામાં મીઠું પડયું ત્યારે શાંતિ ધરીને તે રહેવું ક્યાં? અંતરમા લાગેલી લ્હાય હવે શાંતિસુચક શબ્દોથી ઓલવાની નથીજ.

કનકસેન—તારૂં સર્વ કહેવું હું સારી રીતે સમજુ છું પણ જ્યાં સુધી એ કુમારનું ખુન કરનાર મળે નહિ ત્યાં સુધી હું લાચાર છું.

સુલોચના—જો ખુન કરનારજ શોધતા હોતો આ રાજ-મહાલયમાંજ છે, દુર સ્થળે તજવીજ કરવાની વા કરાવવાની અગત્યજ શી છે?

કનકસેન—શું? આ રાજમહાલયમાંજ? એવો બે મા-થાનો કયો ખુની છે કે તે મારી છાયા નીચે રહ્યા છતાં મારૂંજ શિર છેદી શકે?

સુલોચના—મહારાજ! જેને રાજ્યમાતા ગણવાની અભિ-લાષા હોય, જેને રાજ્યની સર્વોપરિ સત્તા પોતાના હાથમાં લેવાની ઈચ્છા હોય, જેને રાજ્યનું સુકાન મરજી મુજબ ફેરવવાની ધારણા હોય અને જેને રાજ્ય પોતાનાજ સ્વાધિન કરી લેવાની આતુરતા હોય તેજ એ કૃત્ય કરે; બીજું કોણ કરે?

કનકસેન—તું સ્પષ્ટ કહી દે એટલે વિના વિલંબે હું તેનો ઉપાય કરૂં?

સુલોચના—સ્પષ્ટ તો શુભેચ્છક રાણી કલહપ્રિયા કહી બતાવશે. કારણકે—

કનકસેન—(અતિશય ક્રોધથી) શું આ દુષ્ટ કૃત્ય કરનારી, પાપિણી કલહપ્રિયા છે?

સુલોચના—તમે એમ અવળુ ન સમજો; કારણકે કલહ-પ્રિયાએ તો રાજકુમારને મારનારનો પત્તો મેળવ્યો છે એટલુંજ નહિ પણ, પ્રભુ સદા આરોગ્ય રાખે આપને કે, ક્રુર હૃદયની ભાનુમતિએ રાજ્યસત્તાના અનિવાર્ય લોભને અર્થે થોડા વખત ઉપર આપના ખુનની તજવીજ પણ તેણેજ કરાવી હતી.

કનકસેન--(ક્રોધથી) શું તું આ સઘળું ખરૂં કહે છે? પેલી કઠોર હૃદયની ભાનુમતિએ કુમારનો પ્રાણ લીધો? અને શું એટલાથી એ અધમાધમ, પાપિણી, કુલાંગાર તૃપ્ત ન થઈ કે મારા પોતાના પ્રાણ હરવાની તેણે યોજના કરી હતી?

સુલોચના--ત્યારે હું શું અસત્ય કહું છુ? કુમારના પ્રાણ લેવાનું કઠોર કર્મતો ગઈ કાલેજ થયેલું તમે અનુભવ્યું. તે કૃપાળુ વિશ્વંભર આપણો સર્વદા સહાયક રહેજો કે જેની કૃપાથી આપના ઉપર આપત્તિ આણનારની અમને જાણ થઈ.

કનકસેન---વ્હાલી! તું હમણાં સ્વસ્થ ચિત્તે બેસ અને થોડાજવખતમાં હું સર્વ કાંઈ યથાઘટિત વ્યવસ્થા કરી આવું છું

(રાજા જાય છે અને રાણી પાછી વિચારમાં તલ્લીન થાય છે.)

— ※ —

પ્રવેશ ૩ જો.

સ્થળ:--કલહપ્રિયાનો મેહેલ.

કલહપ્રિયા અને તેનો કરભારી.

કલહપ્રિયા--જો સુલોચના સાથે મે પ્રથમથીજ બેહેન દાખલનો સંબંધ વધારી પ્રીતિ મેળવી ન હોત, કુમારના ખુન પછી રડીને તેના હૃદયને અસર કરી ન હોત, અનેક પ્રકારે મિષ્ટ વાણીથી તેને મારા પ્રત્યે સંતોષિત કરી નહોત, મારા ઉપર સત્તા

મેળવી જનારી ભાનુમતિના ઉપર એ આરોપ ઢોળી પાડયો ન હોત ને યુકિત પ્રયુક્તિથી મહારાજ સુદ્ધાંતના ખુન માટે થયેલા કાર્યનો ટોપલો ભાનુમતિને શિરે નાખી—અસર કરી નહોત તો મારા અત્યારે શા હાલ થયા હોત? મારી અત્યારે કેવી દશા થઈ હોત? કોણ જાણે આ શારિરના ટુકડે ટુકડા કઈ ભુમિ ઉપર રખડતા હોત? પ્રભુએ સર્વ સારાંજ વાનાં કર્યા છે અને ઈચ્છિત કાર્ય સાંગોપાગ ઉતરી મનઃકામના સફળ થઈ છે. પણ જો ખરૂં કહું તો એ માટે મારે મારા કારભારીને શાબાશી આપવી જોઈએ; કારણકે તેની જો સહાય ન હોતતો સલાહ ને સગવડ વિના ફત્તેહ મળવી મુશ્કેલ હતી. સુલોચનાના કુમારનું કાસળ નિકળ્યું એટલે તે પીડાતો પતી, બાકી ભાનુમતિની પીડા રહી છે. તે પણ પ્રભુ કરશે તો થોડાજ વખતમાં પતી જશે. કારણકે સુલોચનાને ઉશ્કેરવામાં, સમજાવવામાં કે કહેવામાં મેં કોઈ પણ પ્રકારે બાકી રાખ્યું નથી અને તે બિચારી પડી ભોળી, એટલે વગર વાંધાએ સઘળું એકદમ તેના લક્ષમાંજ ઉતરી ગયું છે. તે જયારે મહારાજાને સર્વ વાત વિદિત કરી પોતાના ઉપર આવી પડેલી આકાશી આફત માટે અફસોસ કરશે એટલે તેઓ ગુસ્સાના આવેશમાં તડ કે ફડ કર્યા વિના રહેવાનાજ નથી. આ પ્રમાણે બને કંટક રસ્તામાંથી દુર થતાં મને "આશા" છે એમ જાહેર કરતાં વિલંબ લાગશે નહિ. અરે પણ આ કોણ આવે છે? (જોઈને) કારભારી તો ન હોય? હા, એજ છે કેમ વારૂ વળી કઈ નવીન વર્ત્તમાન હશે? લાગે છે તો એમજ, નહિ તો ઉતાવળો આવત નહિ.

(કારભારી આવે છે)

કારભારી—રાજદરબારમાં તો બેહદ ચર્ચા ફેલાઈ રહી છે એટલુંજ નહિ પણ આખા ગામમાં એજ ચર્ચા પથરાઈ ગઈ છે. બાળક, યુવાન ને વૃદ્ધ સર્વ કોઇ એક અવાજે ભાનુમતિને ફિટકાર આપે છે અને મેં, રાજાના પ્રાણહરણ કરવાના ભાનુમતિના પ્રયત્નની વાત પણ કેટલાકને જણાવી છે.

કલહપ્રિયા—અને સુલોચનાને મેં ભંભેરવામાં કશી બાકી રાખી નથી, તેથી મહારાજાને તેણે સઘળું સારી પેઠે કહ્યું હશે. હવે એનું પરિણામ શું આવે છે તે ખચિત જાણવાજોગ થશે. અને હું તોઃ—

હરિગિત છંદ.

પરિપૂર્ણ આશા માહરી થઈ માનુ હા નિશ્ચે હવે,
ચિંતા રહી નહીં અવર મુજને દુઃખકર કંટક જવે;
કરી યુક્તી મેં બડી જુક્તીથી સમજાવી રાણીને અતી,
કરી અસર ઉલટી તે પળે સમજી ગઈ તે શાંતીથી. ૭.
કાઢયો ન વાંધો એક તેણે પ્રશ્ન પુછયો ના જરી,
નવ જાણવો એ વિજય થોડો દીશ થઈ સહુ પાંસરી;
મરજી મુજબ વરતો હવે થઈશુંજ થોડા વખતમાં–
કનકાપુરિના **અધિપ** આપણ હર્ષ ને આનંદમાં. ૮.

કારભારી—ખચિત્ત! તમારી અનુપમ વાકછટા ખરેખર અસરકારક છે. જો એમ ન હોયતો આટલે બધે દરજે આપણી ધારણા બર આવતજ નહિ.

કલહપ્રિયા—રાજ્ય દરબારની ખટપટો અંતઃપુરની ખટપટ આગળ કુચ્છ બિસાતમાં નથી. જનાનામાં બેઠે બેઠે રાણીઓ જે પ્રપંચની જાળીઓ પાથરે છે તેમાં મ્હોટો રાજયનીતિજ્ઞ હોય તોપણ શું ને મ્હોટો રાજયપ્રપંચજ્ઞ હોય તોપણ શું? તેને એક પળની અંદર લપેટીને હતો ન હતો કરી નાખવામાં આવે છે. તમે છેક જનાનામાં આવી શકો છો ને ઈચ્છા પ્રમાણે વર્ત્તી શકો છો એ ઉપરથીજ તમે નથી જાણી શકતા કે પડદા પાછળ વસનારી નારીઓ શું કરવાને અશક્ત છે?

કારભારી—હું પણ તેજ કહું છું. ઘણી રાણીઓ ગાદી પર રાજા નહિ છતાં આસાનીથી મહારાજયો ચલાવે છે અને પોતાની અપૂર્વ શક્તિના સામર્થ્યવડે કોઈને પણ ફાવી જવા દેતી

નથી. જો કે તમે અત્યારે સર્વ પ્રકારે શક્તિમાન છો તેથી મને તો દેહેસ્ત રાખવા જેવું કશું નથી, તોપણ કોઈ કોઈ વાર મને ફિકર થઈ આવે છે કે એક વાર બુરી દશા થશે!

કલહપ્રિયા—તમારી ભુલ છે અને એમ વિચારવામાં તમે સજજડ ગોથું ખાઓ છો કારણકે તમે મને એક પણ રાજ્યનો જનાનો એવો બતાવશો કે જે નદન ચોખો- પવિત્ર- હોય? દરેક જનાનામાં ચાર ચાર, પાંચ પાંચ કે આઠ આઠ અથવા તેથી પણ વધારે રાણીઓ હોય તે સઘળી પોતાની જીંદગી કેવે પ્રકારે પુરી કરી શકે? જો જનાનામાં ખટપટ ચાલતી ન હોય તો આપણે તેઓને સતીઓ કહેવી જોઈએ; પણ એમ કાંઈજ નથી. એકે એક જનાનામાં એમ ગરબડ ચાલે છે ને રાણીઓના માનિતાઓ મનમાનતો આનંદ ભોગવે છે. જો જનાના સાથે સંબંધ રાખનારની ખરાબીજ થતી હોય તો પછી જાણી જોઈને અગ્નિમાં કોણ હોમાવે? એવા મિથ્યા કાલ્પનિક વિચારો કરવા ઘટિત નથી.

કારભારી—નહિ, તમે કંઈ પણ ઓછું ન લાવો. આ ખટપટમાં એકાએક વિચાર આવ્યાથી મેં તો સેહેજ વાત કરી.

કલહપ્રિયા—ફિકર નહિ. હવે આપણે થોડાજ વખતમાં કનકપુરીના કર્ત્તા હર્ત્તા થઈ શકીશું માટે જાઓ, ખુશખુશાલ વર્ત્તો!

કારભારી—જેવી ઈચ્છા.

(કારભારી જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળઃ—કનકસેનનો ઓરડો.

કનકસેન અને તેનો દિવાન.

કનકસેન—(ઓરડામાં આમ તેમ ગુસ્સાભેર ફરતો ફરતો)

હરિગિત છંદ.

અતી અધમ કીધું કૃત્યુ હા! કુલટા બની તેં કર્કશા,
નીજ કુલને સંહારવા દીલ દુષ્ટ વિચારો વશ્યા;
તુ બોલતી અતી મધુર બાની વિષપર પયને ધરી,
છો સર્પીણી કે ડાકણી, સંહારણી કુળની ખરી. ૯
અતી શ્રેષ્ઠ પદમાં સ્થાપિને ગણી પરમપ્રીતિ પાત્રમે,
ધિક્કાર છે કુપાત્ર રે ધરી અધમ ઈચ્છા ઉરતેં;
લજવાવી નારી જાતને લજવાવ્યું ક્ષત્રી કુળ તેં,
ફટ ફટ નફ્ટ હે દુષ્ટ શ્યામા–શ્યામ મુખી તુજને. ૧૦.

અરે ! શું કુટીલ કર્કશા તે આખરે મારા પ્રાણ સુદ્ધાં લેવાની તૈયારી કરી? શું એટલી પણ લજ્જા ન આવી કે ત્રણમાંથી અધિક પ્યાર મારા ઉપર છે અને મનેજ પટ્ટરાણીનું પદ આપ્યું છે? કુમારનો જીવ લીધો તેથી શું એ દુષ્ટા! તું ન તૃપ્ત થઈ? ક્ષત્રીના રકતની ભુખી એ કાળમુખી, તારા દીવસ હવે તું ગણાઈ ચુકેલા સમજ અને તું માન હવે કે માત્ર થોડાજ કલાક મારી જીંદગીના બાકી છે. રાણી સુલોચનાએ દયાર્દ્ર ચિત્તે ને અશ્રુ વેહેતી આંખોએ તારા અઘોરકર્મની મને જે કહાણી કહી છે તેથી એ ચાંડાળણી! મારૂં હૃદય કમકમે છે. જો કલહપ્રિયાએ! દુઃખાર્ણવમાં ડુબેલી, અરે! મને તેની દયા આવે છે—ગરીબ બિચારી સુલોચનાને એ પાપિણીનો દુષ્ટ ઈરાદો દર્શાવ્યો ન હોત તો હું કેમ જાણુત? મારાથી એ ભુંડા ભયંકર ભવિષ્યનો ખ્યાલ કરી શકાતો નથી. અરે, કલહપ્રિયાને મેં ધિક્કારી કાઢી, હડધુત કરી નાખી. પણ તેણેજ મારા પ્રાણ બચાવ્યા, તેણેજ મારા જીવનનું સંરક્ષણ કર્યું. જે પાપિણીને માટે મેં નિર્દોષ કલહપ્રિયાને તજી, તેજ પાપિણી મારા કાળની ગરજ સારવા ઉભી થઈ ! ધિક્કાર ! ધિક્કાર ! સહસ્રવાર ધિક્કાર ! ! હજો એવી સ્વામિદ્રોહ કરનારી કર્કશાઓ ઉપર ! ! અરે, વખત તો ઘણો થયો. દિવાન હજી કેમ ન આવ્યા ? દાદર ઉપર આ

ધબાકો સંભાળાય છે તે એનોજ હશે. ચાલ જોઉં તો ખરો. (દાદર તરફ જુએ છે) હા, એજ.

(દિવાન આવે છે)

દિવાન—મહારાજાધિરાજ! આપના આ દાસાનુદાસને શું આજ્ઞા છે? આપનો સદાનો તાબેદાર સેવક સેવામાં હાજર છે.

કનકસેન—આજ્ઞા એજ છે કે ચાંડાળણી ભાનુમતિને સત્વરે જલાદને સ્વાધિન કરો.

દિવાન—કૃપાનાથ! મહારાણી સાહેબ આપના એવા કયા મહાન અપરાધને પાત્ર થયાં છે કે આપ નામદારને એવો સખ્ત હુકમ કરવાની ફરજ પડે છે?

કનકસેન—હવે તે મહારાણી નથી પણ એક ઘોર કૃત્યની કરનારી નીચ પાપિણી છે. એના દુષ્કૃત્યોનો બદલો વાળવાનો અને મારા ઉકળી રહેલા રકતને શાંત કરવાને એથી પણ કંઈ સખત ઉપાય હોય તો તે મને જણાવો.

દિવાન—મહારાજ! મારા શિરછત્ર! આપ એ શું બોલો છો? આપના મુખમાંથી એવાં વચન નિકળવાં ઘટતાં નથી.

કનકસેન—હું જે બોલું છું તે ઘટીતજ છે, એમાં લેશ માત્ર પણ શંકાસ્પદ નથી. કૃતઘ્ની ભાનુમતિએ, અરે! તેનું નામ લેતાં પણ મારૂં દીલ ઉદ્વેગ પામે છે—રાજ્યકુમારનો જીવ લીધો તો લીધો, પણ પોતાના ઉદરમાં રહેલા ગર્ભના બળે મારો પણ જીવ લઈ તે સર્વોપરિ સત્તાધિશ થવા ઈચ્છતી હતી.

દિવાન—પણ એ કૃત્ય ભાનુમતિએજ કરાવ્યું હતું તેનાં આપ નામદારની પાસે મજબુત કારણો હોવાં જોઈએ. કારણકે—

કનકસેન—એનાં કારણોમાં મુખ્ય શાક્ષીભુત તરીકે મારી બન્ને રાણીઓ—સુલોચના ને કલહપ્રિયા—છે, જેઓએ મને એ

વિષે સંપૂર્ણ ખાતરી કરેલી છે. બસ, હવે હું તમને બીજું કંઈ ફરમાવતો નથી પણ એ દુષ્ટાને મારા રાજ્યમહાલયને અપવિત્ર કરતી હાંકી કાઢો ને સવરે તેની ગરદન જલાદના હાથમાં સોંપો.

દિવાન--રાણી ભાનુમતિ સગર્ભા છે અને તેને હવે પ્રસવ ને માત્ર થોડાજ દિવસ બાકી છે તે દરમિયાન આપે એ માટે વિશેષ તપાસ કરાવવી જોઈએ કે ખરો ગુન્હેગાર કોણ છે? કારણકે જે બે માણસોના આપણે, આપના ખુનની કોશીશ કરવાના ઈરાદા માટે શિરચ્છેદ કરાવ્યા તેઓ તદન નિરદોષ માર્યા ગયાછે, એમ કહેવાય છે.

કનકસેન—ત્યારે શુ ભાનુમતિ પણ નિર્દોષ છે કે?

દિવાન—હું એટલે દરજજે હા કહેવા માગતો નથી, પરંતુ વિશેષ તપાસ થાયતો વિશેષ રૂડું. કારણકે એ રાજ્ય કુળોત્પન્ન ક્ષત્રાણી છે.

કનકસેન—મેં સર્વકંઈ તપાસ કરી છે અને મારી પરિપૂર્ણ ખાત્રી થઈ છે કે એ અઘોર કર્મની કર્ત્તા એજ ભાનુમતિ છે અને તેટલા માટે તેના તરફથી હું એક પણ બચાવનો શબ્દ સાંભળવાને ચાહતો નથી.

દિવાન—મહારાજા સાહેબ, હું કંઈ ભાનુમતિ તરફથી બચાવ કરવા આવ્યો નથી પણ જે કંઈ શંકાસ્પદ છે તે દુર કરવા અર્જ કરૂં છું. પણ જયારે આપ નામદાર આપના વિચારમાં મક્કમ છો ત્યારે આપનો આજ્ઞાકિંત સેવક લાઈલાજ છે.

કનકસેન—ત્યારે કંઈ પણ દયા કે દિલગીરીની લાગણી દર્શાવ્યા શિવાય તમારે સવરે મારી આજ્ઞાને.અમલમાં મેલવી.

દિવાન—હું તે મારાં શિરપર ચડાવું છું પરંતુ દિનાનાથ ભાનુમતિના ઉદરમાં જે નવ માસનો ગર્ભ છે તેનું શી રીતે થશે? શું એક જીવને માટે બે જીવનો ભોગ?

કનકસેન—ઉદરમાં રહેલા એ ગર્ભને લીધેજ આ અધમ કાર્ય-દયાહિન બનીને-ભાનુમતિએ કીધું છે. તો તેને માટે દયા કેવી? ને જન્મ પછી એ બાળક મારૂં સત્યાનાશ નહિ વાળે તેની જામીનગીરી શું છે? રાજ્યગુરૂ વર્ણસંકર જોશીએ પરિપૂર્ણ તપાસ કરી મને જણાવ્યું છે કે એ રાણીનો ગર્ભ જન્મતાંજ ઘણાં ઘણાં વિઘ્નો ઉત્પન્ન કરશે અને આખરે રાજ્યને મહાભયમાં લાવી નાખશે.માટે કંઇપણ લંબાણ કરવા કરતાં એકદમ તમે મારા હુકમનો અમલ કરો. આ જ મારૂં તમને છેલ્લામાંછેલ્લું કહેવું છે.

દિવાન—જેવી કનકપુરીના નરેશની આજ્ઞા.

(દિવાન જાય છે અને ભાનુમતિને રાજાનો હુકમ પોંચાડાવે છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળઃ—ભાનુમતિનો મેહેલ.

ભાનુમતિ અને ગુલાબ.

ભાનુમતિ—(સ્વગત) ગુલાબ હજી કેમ ન આવી? આટલી બધી કેમ ખોટી થઈ હશે વારૂ? સુલોચના પાસે જઈને મારી ગેરહાજરીની અશકતતા માટે દિલગીરી દર્શાવી તે સત્વરે ગામ ચર્ચા અને દરબાર મંડળની ચર્ચા સાંભળી ચુકીજ હશે. પણ તેને આટલીબધી વાર કેમ લાગી હશે?

સીતાજીના મહિનાનો રાગ.

અરે હાય ભલા ભગવાન, મહાદુઃખ આવીયું,
પીડા મુજને અતીશે થાય, પેટતો ફુટી પડયું. ૧૧
હામ હારી હૈયેથી હું આજ, ભુલી ભાન માહરૂં,
ફાટે કમરને તુટે અંગ, પીડાથી ઝુરી મરૂં. ૧૨
કયમ સહન પ્રભુ આ થાય, પીડા અતીશે અરે;
હિણભાગ્યનો રે આ બનાવ, આફત છે મને ખરે. ૧૩

મારી બેનના તન તણો ભોગ, થયો થોડા દીનમાં
વળી મારા ઉદરનો આજ, વ્યાધી વધ્યો અંગમાં. ૧૪

ઓ વિશ્વેશ્વર! આ શો ગજબ! આતે કેવી ચુંક! ઓ! ઓ!! હવે મારાથી બોલાતું પણ નથી. (બેશુદ્ધ થઈ પડી જાય છે અને થોડીક વારે પાછી શુદ્ધિમાં આવી) ઓ **પ્રભુ**! આવી વેદનાતો મારી જીંદગીમાં મેં અનુભવી નથી તો તે મારાથી કેમ સહન થાય? અરે! હવે હું કયાં જાઊં અને આ દુઃખદાયક આપત્તિ કોને કહું? મહારાજ સાહેબ તો રાજયકુમારના ખુનથી અને પોતાના ઉપર વિતેલી વિપત્તિથી અતિશય ગાભરા બની ગયેલા જણાય છે. વળી કોણજાણે શું એ કારણ છે કે શિકારે જઈ આવ્યા પછી તેઓનું ચિત્ત અહર્નિશ ગમગીન ને ગમગીનજ રહે છે. નથી તેઓ ખાવામાં ભાગ લેતા, નથી તેઓ પીવામાં ભાગ લેતા, નથી તેઓ પેહેરવામાં ભાગ લેતા, નથી તેઓ અંતઃપુરની સ્ત્રીઓ સાથે મોજમજાહ કે વિલાસ વૈભવ ભોગવવામાં ભાગ લેતા કે નથી રાજયકાર્યમાં ભાગ લેતા. આનું ખરૂં કારણ શું છે તે કંઈ નક્કી થઈ શકતુ નથી, તો પણ દાસી ગુલાબનું તે દહાડાનું વદવું યથાર્થજ હોવું જોઈએ કે તે દિવસે શિકાર કરતાં બંદુકમાંથી નિકળેલી ગોળી અરણ્યમાં તપ કરતા એક મહાયોગીશ્વરને લાગી અને તેમણે મરતાં મરતાં શ્રાપ દીધો કે "રાજપાટ અને રાણીઓ આદિથી તું છુટો પડી અત્યંત દુઃખ વેઠીશ." અરર! કેટલો બધો કપરો શ્રાપ! એક નિર્દોષ ગફ્લતીનું કેટલું બધું દુઃખદાયક પરિણામ! મારા સૌભાગ્યનાથ! મારા હૃદયવલ્લભ! એ સર્વ તમે કેમ સહન કરી શકશો ને હું પણ તમારો વિયોગ કેમ સહન કરી શકીશ? જે માત્ર થોડાક વખતનો વિયોગ સહન કરવાને અશકત છે તે જીંદગીભરનો વિયોગ કેવે પ્રકારે સહન કરી શકશે? ઓ દયાસાગરા! તું આ દીનદાસી તરફ આટલો બધો ક્રૂર શાને થયો છે અને શાને તું મને દુઃખસાગરમાં ડુબાડવા યત્ન કરે છે? જો કંઈ દુઃખમાં દિલાસો ને વિપત્તિમાં ધિરજ ગણું તો તે એટલીજ છે કે મારા ઉદરના

આ રાજ્યરત્નથી પુનઃ સર્વ સુખોની પ્રાપ્તિ થઈ શકશે. રાજ્ય ગુરૂ વર્ણસંકરનું આ વદવું અસત્ય નહોય પણ ઓ વિશ્વેશ્વર! આ સઘળાં દુ:ચિન્હ શાના? શું કંઈ અનિષ્ઠતો થવાનું તો નથી? દિસે છે તો એમજ. રે! જ્યાં મને અનિષ્ઠનાજ સમુદ્રમાં હડશેલી દેવામાં આવી છે ત્યાં પછી હવે બચવાનાં ફાંફાજ મારવાં શુ કરવાં જોઈએ? પણ,

નાથ કેસે ગજકો બંધ છુડાયો. એ રાહ.

અહો વીભુ સાહે થજે તું મારી, મને આશ તમારી છે ભારી;
અહો વીભુ૦
પતી મારાનું વિઘ્ન વિદારી, રાખજે તન સુખકારી,
શાણી સખી સુલોચના કેરી, સાહે થજે અઘહારી. અહો વીભુ૦ ૧૫
અમ તણા અપરાધ સામું ન જોશો, નં ધરશો દોષ લગારી,
આપત્તિકાળે અલગા ન રહેશો, કરજો કરૂણા મોરારી. અહોવીભુ૦ ૧૬
કાળ વિકાળ દીસે છે મુજને, હણજો કૃપાળુ વિચારી,
રંક દાસી આ સ્તુતિ કરે છે, ઉરમાં લેજો તે સ્વિકારી. અહોવીભુ૦ ૧૭

(દ્વાદર તરફ જોઈને) હા, આ ગુલાબ તો આવી પણ તે ખબર શું લાવી? (દાસી આવે છે.)

ગુલાબ—બાઈ સાહેબ! મારાં પાલણહાર મહારાણી! ગામમાં ઘણીજ દુ:ખદાયક વાત ફેલાઇ છે ને રાજ્ય દરબારમાં જે નિશ્ચય થયો છે તેની ખબર પણ મારાથી આપી શકાતી નથી. ઓ પ્રભુ! મારી મહારાણીને આવા દુ:ખદાયક વર્ત્તમાન આપવા તેં મને કેમ જીવાડી!

ભાનુમતિ—ગુલાબ! તું શું કહે છે? ચાલ જલદી બોલી નાખ. મારાથી ખોટી થઇ શકાતું નથી.

ગુલાબ—શું કહું બાઈ સાહેબ, આવી અઘોર આપત્તિ તો મેં કદિ પણ સાંભળી સરખીએ નહોતી.

ભાનુમતિ—તું જેમ જેમ વિલંબ કરે છે તેમ તેમ મારૂં હૃદય ચીરાઈ જાય છે ને મારૂં મગજ અસ્તવ્યસ્ત થતું જાયછે;

માટે નિર્વિલંબે તું મને સર્વ સમાચાર સત્વરે કહી નાખ.

ગુલાબ—ઓ ભગવાન ! આ ઘાતકી સમાચાર કહેતાં તું મારી જીભ કેમ નથી ખેંચી કાઢતો ? (રડી પડેછે.) મારા કુટુંબની આધાર !

વેહેલાં ઉઘાડોને દ્વાર. એ રાગ.

આફત આવીછે આજ, બાઈજી આફત આવી. ટેક.
યુવરાજ તણા મૃત્યુ તણું, આવ્યું તમપર આળ,
થતાં ખબર સુલોચના, બનિ છે મહા વિકરાળ. બાઈજી૦ ૧૮
જઈ ખબર મેં તો કરી, દીલાસાની કાન,
માન તજી આવી હું તો, પામી અતી અપમાન. બાઈજી૦ ૧૯
બાજી પ્રપંચની ખેલીને, કર્યો છ અકરાકેર,
ખચિત્ત ખટપટ યોગથી, જીવતર થાશે ઝેર. બાઈજી૦ ૨૦
ખવાસ ખળ, નાયક નફ્ટ, દીવાન દગલબાજ,
હજુર હરામી હોય ત્યાં, ખટપટનો અતી વાસ. બાઈજી૦ ૨૧
ચેતાવી તમને કહું, જે છે સાચી વાત,
વાત પ્રબળ થઈ વસ્તીમાં, નીશ્ચય થાશે ઘાત. બાઈજી૦ ૨૨

ભાનુમતિ—હેં ! શું ! ગુલાબ ! તું શું આ સત્ય કહેછે. ખરૂંજ કહે છે ? મનેજ ઘાતક ઠરાવવામાં આવી છે ને મારે માટે ઠરાવો સુદ્ધાં થઈ ચુકયાં છે ? ઓ પ્રભુ ! પ્રભુ ! ! (બેહાશ થઈ ધરણીપર ઢળી પડેછે અને રડતી જતી ગુલાબ તેના મુખપર પાણી છાંટી, પવન નાખી શુદ્ધિમાં લાવે છે.)

ગુલાબ—વાત ઘણી કપરી બની છે અને તે સઘળું કલહપ્રિયાના પ્રપંચને લીધેજ બન્યું છે એમ મેં નિશ્ચયપૂર્વક સાંભળ્યુંછે?

ભાનુમતિ—(વેહેતાંઅશ્રુએ) શું એ કલહપ્રિયાનો પ્રપંચ છે? શું મારા પ્રાણથી પ્રિય સખી કલહપ્રિયાનો એ પ્રપંચ છે ? હું તે કેમ સત્ય માનુ ? ઓ પ્રભુ ! આવી આફત હું કેમ સહન કરી શકીશ ?

ગુલાબ—બાઈ સાહેબ, હું સાચુંજ કહુંછું. તમો જરા પણ શંકા ન કરો. સુલોચનાના પુત્રને તેણેજ મરાવ્યો છે ને તમારૂં કાસલ કાઢવા એ ગુન્હો પોતાના ઉપરથી કાઢી નાખી તમારે શિરે તેણેજ ઓળવ્યો છે. મહારાજા સાહેબના લક્ષમાં અસરકારક રીતે ઉતરે અને તેમની લાગણી જલદીથી ઉશ્કેરાય એવી યુક્તિથી તેણે મહારાજા સાહેબના ખુનના પ્રયત્નનો આરોપ પણ તમારા ઉપરજ ઢોળ્યો છે.

ભાનુમતિ—અરર! એટલો બધો પ્રપંચ! એટલો બધો દગો! અરે! અરે!! કલહપ્રિયા! આ શું? શું તું આખરે એવડી થઈ? વિશ્વાસઘાતિની થઈ? મારૂંજ કાસલ કાઢવા તત્પર થઈ?

ગુલાબ—મહારાજા સાહેબે આપને સ્વામિદ્રોહી, રાજ્યદ્રોહી અને પુત્રઘાતિ ગણી ફાંસીની શિક્ષા કરવી એવો ઠરાવ કર્યો છે અને આ દુષ્ટ વર્તમાન કહેવા માટે હમણાંજ શિપાઈ આવવો જોઈએ.

ભાનુમતિ—શું મને સ્વામિદ્રોહી, રાજ્યદ્રોહી અને પુત્ર ઘાતિ ગણી ફાંસી દેવાના છે? અરે શું તેઓ મારો બચાવ પણ સાંભળશે નહિ. મારી અર્જ પણ લક્ષમાં લેશે નહિ?

ગુલાબ—(રડતાં રડતાં) નહિ, મારી ભલી બાઈ સાહેબ નહિજ.

ભાનુમતિ—અરે, મહારાજા સાહેબની મતી આટલી બધી કેમ ફરી ગઈ? શું મારા ઉદરના રાજ્યરત્નને ખાતર એ પોતાનો નિશ્ચય નહિ ફેરવે?

ગુલાબ—બાઈ સાહેબ, એમને માટે તો આ સઘળું થયુંછે એમ કલહપ્રિયા અને વર્ણસંકર જોશીએ મહારાજાને ઠસાવ્યું છે.

ભાનુમતિ—અરે! હજી તો એનો પ્રસવ થયો નથી તેટલામાં તે ગુન્હેગાર થઈ ચુકયો?

ગીતિ.

ગજબ અરે આ કેવો, એકને લિધે બીજો સજા પામે,
કેમ પ્રભુ તું સાંખે? જુલમ આવો પ્રત્યક્ષ તુજ સામે. ૨૩

ગુલાબ—બાઇ સાહેબ, અન્યાયને શું આડું આવે છે? જ્યાં અનીતિનુંજ આચરણ થતું હોય ત્યાં પછી પુછવુંજ શું? જુઓ આ શિપાઈ આવ્યો.

(ગુલાબ ડોલાં ખાય છે અને એક શિપાઈ દાખલ થાય છે.)

શિપાઈ--બાઈ સાહેબ! હમારાં એકવારનાં મહારાણી! નામદાર મહારાજા સાહેબે આપને આ ગરીબ સેવકને અતિ દુઃખદાયક સમાચાર કહેવાને ફરમાવ્યું છે કે બિલકુલ વિલંબ કર્યા વિના તમારે નિચે ઉભેલા જલાદને શરણ થવું. (શિપાઈ ચાલ્યો જાય છે. ભાનુમતિ અને ગુલાબ એકદમ બેહોશ થઈ પડી જાય છે અને થોડીવાર પછી શુદ્ધિમાં આવ્યાથી રૂદન કરે છે.)

ભાનુમતિ—

વસંતતિલકા છંદ.

હે વિશ્વતાત દુઃખદાયક વાત આ શું?
રે અગ્નિશૈલ મુજ પુષ્પની ઉપરે શું?
તૈતીરી તૂચ્છપર આભ તૂટી પડે શું?
સીંધુ ધસે અબળ મચ્છ પરે કદી શું? ૨૪

(નેપથ્યમાં)

ઓ બાઈ સાહેબ! ચાલો! વેળા વીતી જાય છે.

ભાનુમતિ—(ગુલાબને) અરે! ગુલાબ! ગુલાબ! તું કેમ ઉઠતી નથી? ગુપચુપ કેમ પડી રહી છે? આ પ્રસંગે મારી નિમકહલાલ દાસી, પ્રભુને જે કંઈ કરવું હશે તેમાં મિથ્યા થનાર નથી. ઉઠ, હું તને છેલ્લીવારે ભેટી લઉં. નીચે જલાદ ખોટી થાય છે (ગુલાબને ઢંઢોળે છે) અરે! તું કેમ બોલતી નથી? શું હજી તું બેશુદ્ધીમાંજ છે?

લાવ પાણી છાંટું. (તેમ કરે છે પણ ગુલાબ સાવધ થતી નથી. ઘણો પ્રયત્ન કર્યા પછી આખરે મરણ પામેલી નિહાળી ભાનુમતિ આકુળ વ્યાકુળ બને છે.) મારી નિમકહલાલ દાસી! શું તેં આખરે વિષપાન કર્યું? અરે મારી પેહેલાં તું મરણ પામી અને અગાઉથી તું યમદ્વાર ગઈ? અરે તું અહીં ખબર કહેવા આવી ત્યારે બોલી કેમ નહિ કે મેં વિષપાન કર્યું છે? અરે ઓ મારી જીંદગીની સાથી! તું આખરે સ્વર્ગની પણ સાથી થઈ.

મારારે સ્વામી છોટા—**એ રાહ.**

અરે પ્રભુ કોપ શો આ કીધો? ટેક.
દગો નિરાધારને રે દીધો,
અપંગનો પાય ખેંચી લીધો; અરે પ્રભુ૦ ૨૫
ચાલી વ્હાલી એકલડી મેલી,
દયા રે શું ન આવી જતાં ઠેલી; અરે પ્રભુ૦ ૨૬
વિના તારા ઝુરી મરૂં હેલી,
ખરે દુઃખ સરીતા તો રેલી; અરે પ્રભુ૦ ૨૭
ધન્ય ધન્ય નીતિ, પ્રીતિ તારી,
થયો પરંતુ અતી ઘા કારી; અરે પ્રભુ૦ ૨૮

(નેપથ્યમાં)

ઓ બાઈ સાહેબ! ચાલો! વેળા વીતી જાય છે.

ભાનુમતિ—(જલાદને) ભાઈ! જરા ધીરજ ધર. હું અભાગણી તો મરવાનીજ, પણ તે પેહેલાં આ મારી નિમકહલાલ દાસીએ પોતાનો પ્રાણ અર્પણ કર્યો તેને ઠેકાણે પાડવાનુ મને જણાવવા દે. ઓ અન્તઃપુરનાં રક્ષકો! તમારી રાણી હવે મૃત્યુધામે જવાને જાય છે પણ તે પેહેલાં તમને અરજ કરીને કહે છે કે આ નિમકહલાલ દાસીને ઠેકાણે પાડજો ને તેના સગા વહાલાંઓને કહેજો કે તેની ભુંડા ભાગ્યવાળી શેઠાણીને લીધેજ આ માઠો બનાવ બન્યો છે અને તે પણ પોતાનાં કર્મનો જવાબ દેવાને જગકર્ત્તાર હજુર થોડા વખતમાં જઈ પહોંચશે.

(શિપાઈઓ રડે છે અને સ્તબ્ધ બની બાજુએ ઉભા રહે છે.)

ભાનુમતિ—(પોતાના શરિર તરફ નિહાળીને) જ્યારે ચાંડાળના હાથે મરવાનુંજ છે ત્યારે આ સુંદર વસ્ત્રાભુષણો શા માટે જોઈએ ?

સીતાજીના મહીનાનો રાગ.

મારાં ઓઢણુ આછાં ચીર, ત્યાગું છું તને અરે !
વળી ત્યાગું હૈયાનો હાર, કાળજડું મારૂં બળે. ૨૯
ત્યાગુ કાનનાં કુંડળ સાર, કંકણુ વળી હેમનુ;
ત્યાગુ નાક તણું હું પુષ્પ, જે છે મહા મુલનું. ૩૦
ત્યાગું ઝાંઝર ને અણવટ, વિછુવા ને ઘુઘરા;
ત્યાગું શિરમણિ ચુડો સાર, અરરર ભૂધરા. ૩૧
તુલસીપાટ, તનમનીયુ સાર, કાળીયું કંટેસરી,
ત્યાગું અમુલ્ય હું મોહનહાર, અરેરે હું તો હરી. ૩૨
હવે ત્યાગું સઉ શુભ વસ્ત્ર, દિપાવતાં અંગ જે,
ઉઠી અગ્નિની ઓ પ્રભુ જાળ, થઈ સુખ ભંગરે. ૩૩

(નેપથ્યમાં)

ઓ ! બાઈ સાહેબ ! ચાલો ! વેળા વીતી જાય છે.

ભાનુમતિ—ચાલ ભાઈ ચાલ. વળી મરવું ત્યારે વિલંબ શાનો ?

(સીપાઈઓની આંખમાંથી આંસુની ધાર ચાલી જાય છે અને રાણી ભાનુમતિ આવેશમાંજ ચાલી જાય છે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ:—મહાજન બાગ.

(મહાજન અને નગર જનોથી બાગ ભરાઈ ગયો છે અને મહોટો કોળાહળ થઈ રહ્યો છે).

એક વાણીઓ—ભાઈઓ ! તમે બેશી જાઓ અને શેઠ જે કહે તે સાંભળો.

નગરશેઠ—ભાઈઓ ! આજે આ બાગમાં લોકોને બેસવા સુદ્ધાંની પણ જગા મળતી નથી: એટલા ઉપરથી જાણી શકાય છે કે આ સંસ્થાનના એકેએક રહેવાસી ઉપર જુલમ ગુજરેલો છે અને તેઓ એ માટે વિચાર કરવા અત્રે આવેલા છે. (હા, એમજ છે ના પોકારો) ભાઇઓ, જરા ધીરા થાઓ. જયારે બધા ભાઈઓની લાગણી ઉશ્કેરાઈ છે ત્યારે એનું પરિણામ સારૂંજ આવશે. મારો ઈરાદો એવો છે કે આપણામાંના કેટ લાકોએ મહારાજા સાહેબની રૂબરૂમાં જવું અને પ્રજા ઉપર પડતાં દુઃખનું વર્ણન કરી બંદોબસ્ત કરાવવા જણાવવું. ગમે તેમ, પણ મહારાજા કનકસિંહ આપણા પિતા સમાન છે અને આપણે તેમના પુત્ર બરાબર છીયે આટલા માટે તેમને રૂબરૂમાં અરજ કરવી અને જો નહિજ માને તો પછી થોડા વખતની અદર આ કનકપુરની ભૂમિનો ત્યાગ કરી જવો.

કાનાચંદ—અરે ! પણ મારી દીકરીને રાજાના માણસો હમણાંજ ઉપાડી ગયા તેનું કેમ ?

ભાણો પટેલ—અને અમારૂં ઘરબાર દરબારી શિપાઈઓ લુટી ગયા તેનું કેમ—

એક સોની—અરે પણ ઝડતીને બહાને મારા તમામ સોના રૂપાનાં ઘરેણાં અને સરસામાન ફોજદાર ઉપડાવી ગયો છે તેનું શું કરવું ?

એક બ્રાહ્મણ—અરે ! શેઠ સાહેબ, મારી અરજ તો સાંભળો. મારા એકના એક છોકરા ઉપર ન્યાયાધીશે ચોરીનો ચાર્જ નાખી એક હજાર રૂપીયા લાંચના માગ્યા, પણ અમે ચપટી ચપટી ચોખા માગી ખાનારા એટલી મોટી રકમ કયાંથી આપીએ ? આજ છ મહિના થયાં મારો છોકરો તેથી કેદખાનુ ભોગવે છે.

એક ઘરડો ભીખારી—અરે ભાઈઓ, રાજાનું ખુન કરવાનું તોહોમત મુકી મારા ત્રીશ વરસના છોકરાને એકદમ ફાંસીએ ચડાવી દીધો અને મારૂં ઘરબાર લુટી લઈ મને ભીખારી કર્યોરે (રડે છે.)

એક ઘરડી ડોસી—અરે શેઠીયાઓ! (પોતાના દીકરાની વહુ અને તેનાં પાંચ છોકરા તરફ આંગળી કરી) આ સઘળાના પાળનારે રાણી ભાનુમતિનો નિર્દોષ પક્ષ લેવાથી રાણી કલહપ્રિયાએ તેને જાનથી મારી નખાવ્યો છે, પણ કોઈ પૈસાવિના અમારી દાદ સાંભળતું નથી.

એક કવિ—અરે! ભાઈઓ મારૂં કોઈ સાંભળશો?

રોળાવૃત.

જુલમ જુલમ રે જુલમ, જુલમ ચો પાસે ગાજે,
નથિ ન્યાય દયાનું નામ, ત્રાસ, જુલમ આ રાજે. ૩૪
બાળ, યુવા, વૃદ્ધ અને, રંક કે શ્રીમત સરવે,
પડે મૃત્યુને પાશ, રાજ્યનો ખોફ ઉતરવે. ૩૫
નથિ પળનો વિશ્વાસ, કોઈને આપ તણો પણ,
ભાસે યમદુત માર, દુર ત્યાં નાસે ડા'પણ. ૩૬
ત્રાહિ, ત્રાહિ પોકાર, પડે રસ્તાને પોળે,
હાય, હાય વદી સર્વ, ધરે કર નીજ કપોળે. ૩૭
છો શ્હાણા સરદાર, વળી છો મ્હાજન મ્હોટા,
કરો હવે શુભ કામ, પડે નવ કદિ દુઃખ સોટા. ૩૮

નગર શેઠ—ઓ નગરજનો! ઓ! કનકાપુરીની દુઃખી પ્રજા! અત્રે હાજર થયેલામાં એક પણ માણસ એવો નહિ નિકળે કે જેને માથે કંઈ પણ જુલમ ગુજર્યો નહી હોય. વધારે વખત ખોટી ન થતાં આપણે હવે જલદીથી રાજા સાહેબ પાસે જવું જોઇએ.

(સઘળાઓ ઉઠે છે અને રાજદરબારમાં જાય છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળઃ—દરબાર.

કનકસેન, દિવાન, દરબારીઓ અને પાછળથી મહાજન.

દિવાન--મારા માનવંતા મહારાજાધિરાજ ! કહેવાને ઘણીજ કંપારી છુટે છે કે કેટલાક નીચ મતલબના સ્વાર્થે અને રાજ્યનું અનિષ્ઠ ઈચ્છનારા અધમ પુરૂષોએ પ્રજામાં બેહદ ભુંડો વસવસો ફેલાવી દીધો છે. એ રાજ્યદ્રોહીઓએ કનકાપુરીના દરબારમાં ચાલતી નીતિને અનીતિનું, ન્યાયને અન્યાયનું અને ઘટતા બંદોબસ્તોને જુલમનું રૂપ આપી પ્રજામાં દુઃખદાયક દુષ્ટ પવનના પ્રસારનું કારણ આપ્યું છે. મારા સાંભળવામાં આવ્યુ છે તે ઉપરથી આપ નામદારને કહેવાને હું શક્તિમંત થયો છું કે એજ પ્રપંચવડે અત્યારે તમામ પ્રજામાં મોટો કોળાહળ થઈ રહયો છે.

એક દરબારી—સત્ય છે મહારાજ ! જેઓને રાજ્ય તરફથી કંઇ લાભ નથી મળતો એવા સેંકડો રાજદ્રોહીઓ આ મંડળીમાં સામેલ થયા છે.

બીજો દરબારી—ને નગરશેઠને પણ ઊંધુચતું સમજાવી એમાં અગ્રેસર કીધા છે.

કનકસેન—(દિવાનને) ત્યારે એવા રાજદ્રોહી દુષ્ટોનો સત્વરે અંત આણો યા તો તેઓને કનકપુરીની ભુમિમાંથી તારાજ કરો.

દિવાન—જેવી આપ નામદારની આજ્ઞા.

ત્રીજો દરબારી—મહારાજાધિરાજ ! આપના રંક સેવકના કાન ઉપર એવી વાત આવી છે કે ઉશ્કેરાયલા લોકો થોડા વખતમાં આપ મેહેરબાનની હજુરમાં દાદ લેવાને બ્હાને અત્રે આવનાર છે.

ચોથો દરબારી—અને જો તેઓ પોતાને મનમાનતો ન્યાય નથી મળ્યો એમ સમજશેજ તો કનકપુરીની ભૂમિને તજી જવાનો ઈરાદો રાખે છે.

કનકસેન—(દિવાનને) આ સામંતો શું કહે છે? શું એ સત્ય છે?

દિવાન—સત્ય છે મહારાજ! પરંતુ નગરશેઠ આદિ યોગ્ય યોગ્ય ગૃહસ્થોનેજ અત્રે બોલાવી સમજાવવામાં આવશે તો અવશ્ય તેઓ સમજશેજ અને તેઓના મનમાં ઉત્પન્ન થયેલા ખોટા વિચારો દૂર થશે.

નેકીબરદાર—(પોકારે છે)

કનકસેન—એ કોણ આવ્યું છે?

નેકીબરદાર—મહારાજાધિરાજ! ગરિબ પરવર! દયાસાગર! આવનારા શખ્સો તમામ આપ નામદારની પ્રજાજ છે. હુકમ હોય તો રાજસભામાં પ્રવેશ કરાવું.

કનકસેન—યોગ્ય યોગ્ય પુરૂષોનેજ પ્રવેશ કરાવ.

નેકીબરદાર—જેવી ખુદાવંત સરકારની આજ્ઞા.

(નગરશેઠ અને બીજા બે ત્રણ જણને નેકીબરદાર દરબારમાં પ્રવેશ કરવાની ઇશારતથી સૂચના કરે છે તે મુજબ તેઓ દરબારમાં દાખલ થાય છે.)

નગરશેઠ—મહારાજાધિરાજ! પ્રજાની તરફથી આપ નામદારને એક ઘણીજ નમ્ર અરજ ગુજારી ન્યાય ચાહવાની ઈચ્છાથી મને આપ નામદારની હજુરમાં મોકલવામાં આવ્યો છે.

કનકસેન—પ્રજા તરફની અરજ કે બીજી કંઈ પણ બીના સાંભળવાને હું આતુર છું. માટે જે કંઈ હોય તે તમારે બીન દેહસ્તે જણાવવી. એનો નિર્ણય યોગ્ય હશે તે થશેજ.

દિવાન.—તમારૂં આ બોલવું નામદાર મહારાજાધિરાજને સત્યતાથી ઉલટું ભાસે છે કારણકે ખરી બીના શું છે તે, નામદાર મહારાજા સાહેબ ઘણી સારી રીતે જાણે છે. તમારી જેવી પ્રતિષ્ઠિત અને રાજભક્ત પુરૂષોએ તો બને તેટલા પ્રયત્નથી પ્રજાને ઉશ્કેરાતી અટકાવવી જોઈએ, પણ તેને બદલે તેના અગ્રણી થવું એ ઘટીત નથી.

નગરશેઠ—નામદાર સાહેબ, તમામ પ્રજાની આ, ફરિયાદ છે અને તેઓએ મહારાજા સાહેબને અર્જ ગુજારવા આપની હજુરમાં મને મોકલ્યો છે. માટે જે કંઈ તેઓની વાજબી ફરિયાદ હતી તેજ મેં અત્રે રજુ કરી છે.

દિવાન—બીજું કંઈજ નહિ પણ એ સઘળું રાજ્ય અને રાજ્યના સેવકો ઉપર અણવિશ્વાશ ઉત્પન્ન કરનારૂં સબળ કારણ છે કે જેના કલંકના દુષ્ટ છાંટા દયાવંત મહારાજા સાહેબ સુધી પણ ઉડવાને સમર્થ છે.

નગરશેઠ—રાજ્ય સેવકોનું ભુડું તાકીને પ્રજા અત્રે આવી નથી, પરંતુ પોતાના ઉપર વિતતા દુઃખદાયક જુલમોની અર્જ ગુજારવાજ આવી છે; તોપણ આપ નામદાર એ માટે જે કંઈ ફરમાવો તે પ્રમાણે અમલ કરવાને કનકાપુરીનો આ રાજ્યભક્ત સેવક સર્વદા તત્પર છે.

દિવાન—પ્રજાને શાંત પાડવા માટે તમારે કેવી રીતે વર્તવું એ શિખવવાનું કામ કંઈ અમારૂં નથી, પણ તમારૂં પોતાનુંજ છે. જે રાજદ્રોહી પુરૂષોએ પ્રજામાં આવી નીચ ઉશ્કેરણી ચલાવી છે. તેઓને કનકપુરાધિશ યોગ્ય શાસન કર્યા સિવાય રેહેશે નહિ. પણ તમારે જેમ બને તેમ સત્વરે પ્રજામાં ઉત્પન્ન થયેલા ખોટા વિચારો નાશ કરવાનો યત્ન કરવો એમ નામવર મહારાજાધિરાજની ખાહેશ છે.

નગરશેઠ—જેવી આપ નામવરની ઇચ્છા !

(નગરશેઠ વિગેરે જાય છે.)

કનકસેન—સમય ઘણો વીતિ ગયો છે માટે આજની દરબાર બરખાસ્ત કરો.

દિવાન—જેમ આજ્ઞા.

(દરબાર બરખાસ્ત થાય છે.)

—※—

अंक २ जो.

પ્રવેશ ૧ લો.

સ્થળઃ—અરણ્ય.

પ્રતાપસિંહ.

પ્રતાપસિંહ—(સ્વગત) ન્યારી! ન્યારી!! દયાસિંધુ તારી કળા ન્યારીજ છે! રંકનો રાય કરવે તું સમર્થ છે, તેમ રાયનો રંક કરવે પણ તું સમર્થજ છે. જોની હૃદય? હું કોણ? શાંતિપુરનો પાટવી કુમાર. તું શું એકલો—અટુલો—આ દુઃખદાયક દશામાં? એજ પ્રભુની ગહન કળાનો મહિમા છે. હા! પ્રભુ તારી અમીની દૃષ્ટિ—તારી કૃપાની નજર—રંકરાય, સુજ્ઞશઠ, માણસ હેવાન અને સજ્જન દુર્જન ઉપર એક સરખી પડે છે પણ—જેમ કસાઈઓ હાથમાં છરા રૂપ સાધન મળવાથી નિર્દોષ પ્રાણીઓના વધતા ને વધતા વધ કરે છે તેમ તારી કૃપા પામીને—દુષ્ટ મનુષ્યો વધતાં ને વધતાં કુર—ઘાતકી—થાય છે. નિચ કુળમાં ઉત્પન્ન થયલી—જેણે જન્મથીજ નિચતા નિર્ખેલી—બલકે જે નીંચતામાંજ રૂચીપચી રહેલી—ઉછરેલી—જ્ઞાન વિનાની ક્યાહિન—તારીજ કૃપાથી મહારાણી થઈ પણ તેનાથી બીજું કયું સારૂં થવાનું આશા રાખી શકાય? બાવળમાંથી ચંદનની ઉમેદ કેમ ધારી શકાય? કવચના છોડમાંથી ગુલાબની વાસ ક્યાંથી અનુભવાય? લિંમ્બવૃક્ષનાં ફળો તે આમ્રવૃક્ષના ફળો જેવાં ક્યાંથી

સુખદાઈ હોય ! માળી સારો મળ્યો તેથી શું ? સાપનો જોડતાં મળ્યાં તેથી યે શું ? બાવળનું ચંદન કે કવચનો ગુલાબ થવો એ તો કુદરત–વીધી–બ્રહ્માના હાથમાં નથી તો અસમ્પુર્ણ માનવીના–પ્રાણીના–હાથમાં ક્યાંથી હોય ! મારો પિતા કદાપી યોગ્ય હોય પણ બાવળનો સ્પર્શ થતાં તેના કાંટા વાગેજ અને કવચથી ખરાબી થાયજ જે. મારી માતા–મારી સાવકી માતા–રે ! જેના ઘાતકી-દુષ્ટ-વિચારો તરફ જોતાં હવે માતાના પવિત્ર–સર્વોત્તમ–ઉપનામને તે યોગ્ય રહી નથી–તે રાજ્યસિંહાસને બિરાજવા પામી તેથી શું ? પટરાણી પદને પામી તેથી શું ! શાંતીપુરાધિશની મહારાણી થઈ નથી યે શું ? લાખો માનવ પ્રાણીની માતારૂપ ગણાઈ તેથી પણ શું ? કાગડાઓ પર્વતના શિખરે બેસે તેથી શું રાજહંસ કહેવાશે કે ? ઘાસના નિર્માલ્ય તૃણ સમુદ્રની સપાટી ઉપર સેહેલ કરે તેથી તે શું તે છેક તળેટીએ પડેલાં અમુલ્ય રત્નો ઝવાહિરો, અને મોતિઓથી કિંમતમાં અધિક ગણાશે કે ! ગમે તેમ, આ એકજ કુટકથી–સાવકી માતાના દુષ્ટ કર્તવ્યથી–મારા હૃદયને જે કારી જખમ થયો છે તે, તેના આ અવનીપરથી સદાને માટે વિદાય થયા વિના કદિ પણ રૂઝાશે નહિ. દુષ્ટનું વેર લેવા દુષ્ટતાનાં શસ્ત્રોથી રણયુદ્ધ કરવા હું નથી માગતો. આ અરણ્યના નિર્જન સ્થાનમાં હું ભટકીશ, અરણ્યના અવકાશ અને દિશા આગળ મારૂં દુઃખ ખાલી કરીશ અને જ્યાંસુધી શાંતિપુરમાંથી એ દુઃખદાયક અશાંતિ ટળશે નહી ત્યાંસુધી ફકીરી ધારણ કરીશ. (તે અરણ્યમાં ચાલ્યો જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ:—અરણ્ય માહેલી એક નદી.

ભાનુમતી અને રાક્ષસ.

ભાનુમતિ—(સ્વગત) વિશ્વાધાર! હું તારો અપાર ઉપકાર માનુ છું. કેમ ન માનું? કાળના કૃતાંત હાથમાં સ્વાહા થઈ જતી તેં બચાવી છે, વગર સહચરીએ મૃત્યુ સમાન જન્મ દુઃખમાંથી ઉગારી છે અને મારી બેશુદ્ધાવસ્થામાં સર્વ ભયને નસાડી નિર્ભયના વારીમાં નવરાવી છે. કસાઈના દીલમાં દયા આવે એ તો અશક્ય ગણાય તોપણ. ઓ! સર્વ શક્તિમાન સર્વેશ્વર! તારી આગળ તે કંઈ અશક્ય નથીજ. મારા આ હર્ષમાં ભાગ લેતી હોય તેમ આ નિર્મળ હૃદયની નદી પણ કેવી ગેલ કરતી દોડી જાય છે અને ચિમળાયલી કુમદની જેમ ચંદ્ર કર (કિરણ) નો સ્પર્શ થવાથી વિકસીત થતી જાય છે? તેમ જગત્શ્રેયકારિણી સરિતા આ રંક સખીના સુખાનંદમાં ભાગ લેતી હોય તેમ કેવી પ્રફુલીત બનતી જાય છે? (કિનારા ઉપર કપડામાં વિટાળેલો પોતાના બાળક રોવા માંડે છે તેના તરફ જોને) મારા લાડકા મારા આધાર, મારા હૃદય! તું રડે છે શા માટે? તારી માતા ગયલા દુઃખના દહાડા યાદ કરી જ્યારે ઇશ્વરના ઉપકાર સ્મરણ કરે છે ત્યારે તું રડે છે શા માટે? છાનો રહે? કપડાં તો સઘળાં ધોવાઈ રહ્યાં છે, હવે તો ફક્ત સ્નાન કરવુંજ બાકી છે. એટલે પછી તને તેડી લઊં. (છોકરો રડતો બંધ થાય છે.) કેવો ડાહ્યો? કેવો સ્હાણો? પ્રભુ! પ્રભુ!! આ પુત્રનું કલ્યાણ કરજે અને હવે આ રંક દાસીને દુઃખ વિમુક્ત કરજે.

બનજારા.

ઓ જાયું તને જયકારી, આવી શરણ વિષે હું તારી,
અપરાધ વિના હું નારી, વેઠું દુઃખ અતીશે ભારી,
કરજે રક્ષા પ્રભુ તું મારી.—આવી શરણ૦ ૨૫

કેવો દિસે જુલમ આ ભારી, વિંધ કરીશું જાલમ ગાળી,
જોને વિપત્તિયંત્ર વિસ્તારી.—આવી ચરણ૦ ૪૦
ચુંડી ચુંડી કરવાની રેખા, થયાં ગર્વાની લોક અદેખાં,
કેવો આનરથ આ તે મોરારી.—આવી શરણુ૦ ૪૧
પ્રભુ મારાનું રક્ષણ કરજે, તીવ્ર તાપ તેના તું હરજે,
દુઃખમાંથી લે તેને ઉગારી. આવી શરણુ૦ ૪૨

પણ આ શું ? પ્રાણી માત્રનું મન હરણ કરનારી સરિતા આ તારો આટલો બધો ત્વરિત વેગ શું ? મેલાં હજની કેમ થવા માંડી ? તારી નીર્મળતા ક્યાં ગઈ ? ક્યાં ગઇ તારી શુદ્ધિ આમ બેબાકળી દોડે છે શા માટે ? ને ઉન્મત્ત થતી જાય છે શા માટે ? શું તને કોઇનો દુષ્ટ સંગ લાગ્યો ? (પાણીના પુરના એક મોટા ધોધને દુરથી આવતો જોઇ) ઓ ! ઓ ! માતા ! પિતા ! પ્રભુ ! આ શું ? આ શું ? આ પાણીનો પર્વત શું ? શું મને તે સ્વાહા કરવા આવે છે ? ન્હાસો ઓ બાઈ ! (નદીમાંથી એકદમ નિકળી નાસવા જાય છે પણ અશક્તતાને લીધે દોડાતું નથી. તેટલામાં પાણીનો આવેલો ધોધ તેને ખેંચી લઇ જાય છે પાણી ઉપર પછાડા મારતાં કેટલેક દુર ખેંચાઈ જાય છે તેટલામાં એક રાક્ષસ આવી તેને બેશુદ્ધ હાલતમાંજ પોતાની ગુફામાં ઉપાડી જાયછે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ:—અરણ્ય

માનસિંહ

માનસિંહ—(સ્વગત) આજ તો હું ઘણો દૂર નિકળી આવ્યો માણસો પણ પછવાડે પડી ગયાં. ચપળ હરણની મનહરણ વેગને પણ મનુષ્ય પ્રાણી ગણકારતું નથી એ ખરૂં પણ મન વેગ-વિચાર પ્રવાસ-ને તો તે પામી શકતું નથી.

આ અરણ્યમાં પણ પુત્ર પ્રાપ્તિના વિચારો અગાડી થયા છે રાજ્યમાં પણ એજ વિચારો, રાજ્યમેહેલમાં પણ એજ વિચારો અને અરણ્યમાં પણ એજ વિચારો. પણ તે ખોટા નથી. શાસ્ત્રમાં પણ વાંઝીયાની અધોગતી થાય છે એમ કહ્યું છે. અને દુનિયાતો એનું મોઢું જોવામાં પણ અપશુકન ગણે છે હું લાખો મનુષ્યોનો અધિશ્વર છું, હાકમ છું, સર્વોપરિ છું; મારા હુકમને તેઓ માન આપે છે, મારા પડતા બોલને તેઓ અધ્ધરથીજ ઉચકી લે છે, મારા વિચારને તેઓ આધિન બને છે; પણ હાય! પાછળ તો તેઓ મારા ઉપર વાંઝીયા-પણાનો દોષ આરોપણ કરતાજ હશે. શું શક એમાં? સત્યતા ખાળી ખળાય કેમ? રાજા થયો તેથી શું? શું ગામને મોઢે ગરણું બંધાય કે? અને તે પણ સત્ય છતાં? ત્યારે હવે કરવું શું? શું આપઘાત કરવો? શું આ દેહનો ત્યાગ કરવો? શું આ કલંકિત કાયાને ત્યજી દેવી? વિના વિલંબેજ આ યોગ્ય કહેવાશે શું? લાખોના પાળનારે—અરે ક્ષત્રી પુત્રે—આમ કાયર-તાને વશ થઈ જવું એ યોગ્ય કહેવાશે શું? આવા વિચારો અહિંયાં ક્યાંથી આવ્યા? મન! મુકી દે એ પંચાતી ને ચાલ સત્વરે રસાલા ભણી. ભગવાન સૂર્યદેવતા પોતાનો પ્રવાસ પુરો કરી પશ્ચિમ ભણી સીધાર્યા છે માટે અન્ય ખટપટ ત્યજી પગ રસ્તે. (થોડેક દુર કાગડાઓનું ટોળું ઊંચે ગોળને ગોળ ફરતું જોઈ) ઓ! આ સામે કાગડાઓ આટલો બધો કીલબીલાટ શાનો કરી રહ્યા છે? શું છે ત્યાં? ચાલ જોઉં તો ખરો. વળી નદીમાં ઘોડાને પાણી પણ પાતો આવીશ. (તે જાય છે અને કપડામાં વિટાળેલા એક બાળકને નિહાળી આભો બની જાય છે અને વિચારમાં પડી બોલે છે.)

કહું શું નશીબે દુખીઓ કીધો છે—એ રાહ.

અરે આ અજબ જેવી દીસે છે વાત,
અઘોર અરણ્યમાં બાળ અનાથ,

આરે બાળક અહીં ક્યાંથીરે આવ્યું,
કેમ હશે, કોણ આ સ્થળ લાવ્યું.— આરે૦ ૪૩
તુર્ત જન્મેલું આ બાળ દિસે છે;
માતા તેની કેમ અળગી થઈ છે.— આરે૦ ૪૪
ભૂત, પિશાચ પ્રપંચ કરીને,
પડયું હશે શું ઢોંગ ધરીને?— આરે૦ ૪૫
છળ કરી છેતરવાને બ્હાને,
લીધો હશે, વેષ તેણે આ સ્થાને.— આરે૦ ૪૬

પણ ના, એમ કેમ હોય? આતો મારી શંકાએજ નિર્બળતાનું સ્વરૂપ ખડું કર્યું છે; બાકી દિસે છે તો કંઇ માનવ પ્રાણી. પણ એવી કોણ ઘાતકી માતા હશે કે પ્રાણીઓના ભક્ષ માટે આવા લલિત અવયવોવાળાં ચંદ્રમુખ બાળકને નિર્જન અરણ્યમાં મુકી જાય? ખચિત્ત! એ તો કોઈ દેવપુત્ર હોવો જોઈએ. કલંકથી ત્રાસેલી અપ્સરા એને આમ મુકી ઉડી કેમ ન ગઈ હોય? ખેર! જે હોય તે ખરૂં. મને તો ઇશ્વરે હાથોહાથ આપ્યો તે હવે મારોજ ગણી મારે સંતોષિત થવું જોઈએ. ચાલ બાપુ! રડના. તારા રક્ષણ માટે તે સર્વશકિતમાને મને મોકલ્યો છે. (આમ કહી છોકરાને તેડી લઇ, ઘોડા ઉપર ચડી પોતાની રાજધાની તરફ વિદાય થાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ:—રાક્ષસની ગુફા.

મેનકા, ભાનુમતિ અને પાછળથી પ્રતાપસિંહ ને રાક્ષસ.

ભાનુમતિ—(રાક્ષસના ફરમાવ્યાથી મેનકાએ કરેલા ઉપચારથી શુદ્ધિમાં આવ્યા પછી) હું ક્યાં છું? ક્યા સ્થળમાં છું?

કોના આશ્રયમાં મૂકી ખાસ [illegible] શું કર્યું છે? હું શું કરૂં? અરે! પ્રભુ—

મેનકા—બ્હેન! મૃત્યુના ડાચામાં ફસાઈ પડેલી બ્હેન! શાંત થા! તારાં અશક્ત મન-મગજ-ને વિચારનું કે કલ્પનાનું કાર્ય ફરમાવી વધારે અશક્ત ના બનાવ. તું કાળના મુખમાં છતે નિર્ભય છે તું ઘોર સ્થળમાં છતે નિડર છે. તું યમ જેવા દુષ્ટના આશ્રયમાં છતે નિર્ભય છે. તું વિપદ અરણ્યમાં ડુબેલી છતાં.

ભાનુમતિ—પણ તું કોણ છે! મારા દુઃખમાં ભાગ લેનારી તું કોણ છે?

મેનકા—હું પણ તારા જેવીજ એક કમનસીબ- જન્મની દુઃખિયારી-બાળકી છું. હું પણ તારી જેમજ ફસાઈ ગઈ છું. બ્હીતી ના–આ ફસાવાનુંજ સ્થાન છે, કોમળ નવયૌવના નારીઓને ખેંચી લાવી પુરી મુકવાનુંજ આ દુષ્ટાગાર છે.

ભાનુમતિ—ત્યારે મારી દશા હવે કેવી થશે? મારા વ્હાલા પુત્રનું હવે શું થશે? તે અત્યારે કયાં હશે? બ્હેન! મને તો અહિંથી નાસી જવા દે. ભલે પછી નાસી જવામાં મૃત્યુ-

મેનકા—તું હજી આ દુષ્ટાગારને દુષ્ટ રાક્ષસથી અજાણી છે. મેં પણ એવાજ ~~તર્ક~~ વિતર્કો ~~કર્યા~~ હતા પણ તેમાં ફાવી શકાય તેમ નથી. જ્યારે દશ વરસની હતી અને મંગળપુરના મ્હારાણા-મારા પ્રેમાળ પિતા-ના પુર બ્હારના, પુર બ્હારમાં ખીલેલા બાગમાં સખીઓ સાથે કલ્લોલ કરતી હતી ત્યારનો આ દુષ્ટ મને-દુષ્ટતાની ઝાળમાં ફસાવી-ખેંચી લાવ્યો છે અને મારી શરિર સૌંદર્યતા નિહાળી મારૂં પતિવ્રત્ય લુટવા મને ઉછેરી મોટી કીધી. મને અત્યારે સતર વરસ થયાં છે અને તેમાં વધારે સમજણી થવા બાદ નાસી જવાના અનેક પ્રયત્નો કર્યા છતાં

કાંઈ નથી તો હું શું કરીશ? ધીરજ ધર! મારા નસીબે તો અદ્યાપિ સુધી કાંઈ યારી આપી નહિ. હવે તારાં નસીબ જોઈએ.

ભાનુમતિ—શું મારા નસીબ? મારા નસીબ તો ઠીકજ છે. પણ હું કંઇ નસીબને આધારે બેસી રહેવાનુ પસંદ કરતી નથી. રીણને વળગવામાં સાર શો?

મેનકા—ત્યારે બીજો ઉપાય શો? હોય તો તે કહે. બાકી મર્ણાતપર્યંત હું ભ્રષ્ટ તો થવાનીજ નથી. બેહેતર એજ છે કે તે કરતાં મૃત્યુ વધારે પસંદ કરીશ. હું જ્યારે નાની હતી ત્યારે મારી મોટી બ્હેન આ પ્રમાણે બોલતી હતી તે મેં યાદ રાખ્યું છે. જુઓ—

શાર્દુલવિક્રિડીત છંદ.

મોટા શૈલ તણાં વડા શિખરથી પડવું સદા શ્રેષ્ઠ છે,
આવા રાક્ષસ ક્રુર હાથથિ કદી મરવું અતિ યોગ્ય છે; ૪૭
અગ્નિમાં બળવું ભલું વળિ ભલું સાગર મહીં ડુબવું,
રૂડું છે અતિ શીળ ભંગ બનવુ રે સર્વથી જાણવું. ૪૮

પ્રતાપસિંહ—(ગુફા પાસે આવતાં કાને પડેલા અવાજથી ચોંકીને) ઓહો! આ સુંદર, કોમળ, મનહરણ સુર ક્યાંથી આવે છે? આ નિર્જન વનમાં આવો હૃદયાનંદક નાદ કઈ બાજુએથી પ્રવેશ કરે છે? શું આ ગુફામાંથી તો આવતો ન હોય? (કાન ધરીને) હા, એમજ છે. ચાલ અંદર તો જાઉં. જોતે આ કૌતુક વળી શું છે? ફકીરને વળી ફિકર શી? અને તેમ છતાં પણ કાંઈ પણ ભય જેવું જણાશે તો (કમર ઉપર હાથ નાખી) આ મારી રફલ કેવી છે? ને આ બળવાન બાહુઓ પણ સેવામાં કેવા તત્પર છે? ત્યારે સજ્જ થા? વળી વાર શાની? (એકદમ ગુફામાં ઉતરી જાય છે. ભાનુમતિ અને મેનકા એકદમ આશ્ચર્યથી ઉભી થઈ જાય છે.)

ભાનુમતિ—આપ કોણ છો અને આ મહાઘોર સ્થળે ક્યાંથી?

પ્રતાપસિંહ—પણ તે પ્હેલાં તમેજ કહો કે આ મહાઘોર સ્થળે તમે કોણ છો ?

ભાનુમતિ—વિશ્વકર્તાના કોપ નીચે કચડાઈ મરતી અમે બંને કમનશીબ રાજપુત્રીઓ છીયે. રઘુનાથ અમો રંક ઉપર રૂઠયો છે તેનાં આ ફળ અમે ભોગવીએ છીયે. જે દુષ્ટ આ ગુફાનો માલેક છે તે હમણાં બહાર ગયો છે અને આ મારી બ્હેનના કહેવા મુજબ હમણાં આવવો જોઈએ.

પ્રતાપસિંહ—ત્યારે શું તમે ભયમાં છો !

ભાનુમતિ—મહાભયમાં.

પ્રતાપસિંહ—ગૌ, બ્રાહ્મણ, સ્ત્રી, બાળક અને પૃથ્વીનું પ્રાણ જતે પણ રક્ષણ કરવું એ ક્ષત્રીનો ધર્મ છે. માટે મને કહો કે તમારૂં સંરક્ષણ કેવી રીતે થઈ શકશે ?

ભાનુમતિ—બ્હેન મેનકા ! તું દીંડમુઢ કેમ બની ગઈ છે ! આ નરરત્નને ક્ષત્રીપુત્રને અને વીરપુરૂષને પ્રત્યુત્તર આપ. આપણી સહાયતાએ તેમને સર્વેશ્વરે મોકલ્યા છે.

મેનકા—(પ્રતાપસિંહને જોતાંજ જે ગુપ્તાનંદમાં રગદોળાઈ પડી હતી અને એકી ટશે પ્રતાપસિંહ સાંમે જોઈજ રહી હતી તે ભાનુમતિને કહેવા લાગી) એ દુષ્ટ રાક્ષસ હમણાંજ આવશે, માટે એઓ (આંગળીથી બતાવી) આ ભીંતની પછાડી છુપાઈ રહે અને તે દુષ્ટ આવતાંજ તેને (એક તરવાર બતાવે છે) આ તરવારથી કતલ કરે તો તે તરતજ યમધામમાં પહોંચે. અન્ય ઉપાય નથી.

પ્રતાપસિંહ—ઘણું સારૂં. તમે નિર્ભય રહો. (આમ કહી પ્રતાપસિંહ તરવાર લઈ છુપાય છે. થોડીવારમાં રાક્ષસ આવે છે અને તરવાર નહિ જોવાથી મેનકા અને ભાનુમતિ ઉપર રોષે ભરાઈ બરાડા પાડે છે, એટલામાં પ્રતાપસિંહ પછવાડેથી આવી

તરવારના એક ફટકાથી તેને જમીનદોસ્ત કરેછે. આખરે ટળવળતો રાક્ષસ મૃત્યુવશ થાય છે.)

ભાનુમતિ—કલ્યાણ! કલ્યાણ થજો તમારૂં! ઓ વિરપુરૂષ! તમે ખરેજ વિરપુરૂષ છો. મારી આ બ્હેન હજી કુમારીજ છે અને તે આપની સદાની અનુસંગીની થવા ચાહે છે. કૃપા કરી આપ તેનો સ્વિકાર કરશો. એમાં અયોગ્ય કંઈજ નથી.

પ્રતાપસિંહ—તમારા બંનેની પ્રસન્નતા એ મારો સંતોષ છે. એ રાજપુત્રી છે અને વળી કૌમારાવસ્થામાં છે તો તેમનો પાણી ગ્રહણ કરવામાં મને અડચણ નથી. સૂર્યની શાક્ષીએ અને તમારી હાજરીએ હું મેનકાને મારી પત્નિ દાખલ સ્વિકારૂં છું.

મેનકા—અને હું પણ આપને મારા પતિ દાખલ માન્ય કરૂં છું.

ભાનુમતિ—હવે ત્યારે આ દુષ્ટાગારને અગ્નિ લગાડી બ્હાર ચાલો. હું મારા પુત્રની ખોળ અર્થે જઈશ અને તમે ઈચ્છામાં આવે તે તરફ ગમન કરો.

(ગુફાને આગ લગાડી સઘળાંઓ બ્હાર નિકળે છે ભાનુમતિને પોતાની સાથે આવવા પ્રતાપસિંહ અને મેનકા આગ્રહ કરે છે પણ તે ન માનતાં પાછી એકલી અરણ્યમાં ચાલી જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળઃ—કનકાપુરિનું અરણ્ય.

પ્રતાપસિંહ, મેનકા અને પાછળથી કનકસિંહ તથા ચાર પ્રવાસીઓ.

મેનકા—પ્રાણનાથ! હવે તો હું થાકી. રસ્તાના શ્રમથી નહિ પણ પાણીની તૃષાથી. આજ સવારનાં મેં અને તમે એક

સાથે પાણી પીધું ત્યારપછી મેં બિલકુલ પાણી દીઠું નથી. પણ હવે તો તે મારાથી સહન નથી થઈ શકતું. મારૂં મ્હોડુ સુકાય છે અને કંઠે તો શોષ પડયો છે.

પ્રતાપસિંહ—સુતન્વી ! ધિરજ ધરો. પેલા વૃક્ષપર ચઢી આસપાસ જોઊં કે કહીં પાણી છે ?

મેનકા—જેવી આપની ઈચ્છા.

(થોડા વખતમાં એક વડ આવે છે અને પ્રતાપસિંહ તેના ઉપર ચડી પાછો નિચે ઉતરે છે.)

પ્રતાપસિંહ—હૃદયવલ્લભા ! પાણી તો છે, પણ તે ઘણે દૂર છે. તમારાથી એટલે દૂર ચાલી શકાશે નહિં. પાણી વિના તમે ઘણું સહન કર્યું છે એ હું જાણું છું ને તમારામાં તેથી કેટલી શક્તિ રહી છે એ પણ હું જાણું છું; માટે આ વૃક્ષ નીચેજ બેશો ; હું આ પાત્રમાં પાણી લઈ ત્વરાથી પાછો આવું છું.

મેનકા—આપના વિચારને આશ્રિત છું.

પ્રતાપસિંહ—ઠીક, ત્યારે નિર્ભય રહેજો. (પ્રતાપસિંહ જાયછે)

મેનકા—(સ્વગત) અરે ! બિચારી દુઃખિયારી અને પુત્ર વિરહમાં તવાયલી અબળાની શી સ્થિતિ હશે અત્યારે ? અત્યારે તે કયા જંગલમાં ભટકતી હશે? તેનો પુત્ર મળ્યો હશે કે નહિ? પણ અરે ! ઓ દુઃખી દારા ! તારા ઉપર રઘુનાથ શા માટે રૂઠયો ? શા માટે તું વનવન રઝળતી–રખડતી–ભટકતી થઈ ? ઈંદ્રની અપ્સરાને પણ લજવાવે એવું તારૂં મુખ, તારૂં સુંદર આ અણીયાળું નાક, તારા ગુલાબી ગાલ, તારી મનહરણ લાંબી આંખ અને તારા દેહની ચંદ્ર સમી પ્રભા એ સઘળાંના અત્યારે કેવા બેહાલ થયા હશે ! (આ વિચારે અનેક તર્ક ચિતમાં પ્રવેશ કરતી, અનેક મનુ વ્યાપારમાં ગુંથાઈ જતી, પાણીની તૃષાએ પાકી, ટળવળે છે અને "પ્રાણાધાર કેમ ન આવ્યા" એ પ્રશ્નના પ્રતિઉત્તરમાં ગુંચ-

વાઈ અતિ દુઃખી થાય છે.) ન આવ્યા. સાંજ પડી પણ ન આવ્યા શું ભુલા પડયા? ગમે તેમ પણ ન આવ્યા. હાય! ત્યારે હવે હું શું કરૂં? આ નિર્જન–નિર્જળ–અરણ્યમાં એકલી, નિરાધાર શું કરૂં? કોનો આશ્રય ધરૂં? પણ રે! પાણી વીના તો હવે હું રહી શકતી નથી. મારો પ્રાણ પાણી વિના તલ્ફે છે. શું કરૂં ઓ પ્રભુ? (આખરે તૃષાના બોજા નિચે દબાઈ બેશુદ્ધ થઈ ધરાપર ઢળી પડે છે. કનકસેન દાખલ થાય છે.)

કનકસેન—(સ્વગત) વાહ! આજનો શિકાર તો કંઈ અમુલ્ય દિસે છે. બચ્ચીત! હરિણના કરતા હરિણાક્ષીનો શિકાર તો સર્વોત્તમ છે. પણ એમાં નવાઈ શી? ચાલો, આપણને તો ઘેર બેઠાં લક્ષ્મી ચાંલ્લો કરવા આવી. પણ જરા એનો મુખચંદ્ર તો નિહાળું. જોકે એ બેશુદ્ધિમાં દેખાય છે પણ મુખચંદ્રની શોભા કેવી મનહરણ દિસે છે. બેશક! આ ચંદ્ર તો ખાસ કનકપુરના અધિશ્વર માટેજ પ્રકાશે છે. જુઓઃ—

ભાસે ખરે કાંતિ સુરત્ન જેવી,
સ્પર્દ્ધા કરે ચંદ્રની સાથ તેવી;
એ ચંદ્ર તો સકળ સૃષ્ટિ થકી પ્રકાશે,
આ ચંદ્ર માત્ર અહીં મુજ થકી પ્રકાશે. ૪૮

પ્રકાશે તો ઢીલ શું કરવા? વળી જાગશે તો કંઈ નવનું તેર વેતરાશે અને સપડાયલો શિકાર હાથમાંથી છટકી જશે. (બેશુદ્ધ થયેલી ને ઉચકી ઘોડે નાંખી પોતાના રસાલા ભણી મહા પ્રયત્ને લઈ જાય છે. કેટલીકવારે પ્રતાપસિંહ આવેછે અને મેનકાને નહિં નિહાળવાથી બેબાકળો બની ગાય છે.)

લાવણી.

પ્રતાપસિંહ—(યાહોમ કરીને પડો, ફતે છે આગે–એ રાહ)

ક્યાંય નથી દેખતો પ્રાણ, પ્રિયા તુજ પ્યારી,
શું ચુકયો અરણ્ની રાહ, ગઈ ક્યાં વ્હાલી!
શું થયું? અરે ક્યાં ગઈ? મને તું મેલી,
તુજ વિના માહરી દશા, થઈછે ઘેલી. ૪૯

બન્યો ખરે હું અંધ, દિશા નવ સુઝે,
થયો જખમ અતી આ સખ્ત, હવે ના રૂઝે.
રે ગઈ ઉડી સહુ આશ, રહી નિરાશા,
થા દુર હવે ઓ પ્રાણ, રહી શું આશા ! ૫૦

પણ તે ગઈ કયાં ? શું તે નાશી ગઈ અથવા વિકાળ જનાવરોથી ત્રાસી ગઈ અથવા શું હિંસક પ્રાણીઓના ભક્ષથી પરલોકવાસી થઈ? મારે શું માનવું ? શું સમજવું ? હા ! ફુટયું મારૂં કરમ, લુટયું મારૂં સર્વસ્વ ! ઓ ઈશ્વરા ! પાણી પાણી ઝંખતી–તૃષાથી ટળવળતી–વેદનાથી રિબાતી–મારી હ્રદયાનંદક હ્રદય વિલાસિની, હ્રદયસારિતા, હ્રદયવલ્લભા, સ્નેહસરિકા અરે ! મારી પ્રેમપાત્ર પરમ સદ્‌ગુણી પ્રાણપ્રિયાને આ સ્થળથી સ્થાનભ્રષ્ટ કરતાં તને કંઇજ વિચાર ન આવ્યો ? કંઈજ ક્ષોભ ન થયો ? ખેર ! મારાં દુર્ભાગ્ય. હવેતો આ હથીઆર વડે પ્રાણ આપવો એજ મારે માટે શેષ રહ્યું છે.*

સીતાજીના મહિનાનો રાગ.

પ્રાણ પ્યારી ગઇ દીલદાર, હવે શું જીવવું !
બન્યું જીવતર માંહી ઝેર, ખચિત હુંતો મરૂં. ૫૧
ગયો તન, મનનો રે પ્રકાશ, ગયો ખિલ્યો ચંદ્ર જે,
થયો નિશ્ચય હા ! અંધકાર, રહ્યો એક પ્રાણરે. ૫૨
થયું ભસ્મ અરણ્ય ઓ પ્રાણ, વિરહાનળ જોશથી,
કેમ બેઠો બની ગાફેલ, ઉડી જાતું આપથી. ૫૩
શાને શોચ કરે ધરી રોષ, ગયો પ્રિય પ્રાણરે,
જાતું પાછળ સત્વર યાર, વીંધી અંક જાણ તે.

*પ્રેમ ખાર પત્નિ પાછળ પ્રાણ આપવો એ કેટલાંક પ્રેમશુષ્ક દંપતિઓના મતે કદાચિત અશક્ય લાગે પરંતુઃ–
પ્રાણ તજે, પત્નિ મુએ, જેનો પ્રેમ પવિત્ર;
ઋતુધ્વજ ઘેલો થઇ ગયો, સુણિ ચતુરાનું ચરિત્ર. દ્રષ્ટાંત ચિંતામણી.

(ગાયન પુરૂં થતાં રફૂલ પોતા સામે ધસતાં દુરથી " ધાજો, ધાજો "ના સાદ સાંભળી તે એકદમ દોડયો જાય છે અને ચાર પ્રવાસીઓ-કે જેની સામે એક વિક્રાળ વાઘ ધસ્યો આવતો હતો તેને તેજ રફૂલ મારી પ્રાણથી મુક્ત કરી-ને છોડવે છે.)

૧લો પ્રવાસી--અરે ભાઇ! તમે કોણ છો! અમારા પ્રાણ રક્ષક મહાત્મા તમે કોણ છો! આ અરણ્યમાં ભ્રમણ કરનારા વીરપુરૂષ તમે કોણ છો? દીસો છો તો કોઈ ક્ષાત્રવંશી. મુખ પ્રભાતો કોઈ મહા અલૌકિક-મહા તેજસ્વી-જણાય છે.

૨ જો પ્રવાસી—મને લાગે છે કે મેં આમને અગાઉ જોયલા છે.

૩ જો પ્રવાસી—અને મને પણ એમજ ભાસે છે.

પ્રતાપસિંહ—ઓ ભલા પ્રવાસીજનો! હું કોણ છું તેની સાથે તમારે થોડુંજ કામ છે. ક્ષણવારમાંજ મૃત્યુના ડાચાંમાં જતાં બચાવ થયો માટે પરમ દયાળુ પરમેશ્વરનો ઉપકાર માની પંથે પડો અને હું પણ હવે જાઉં છું. (ચાલવા માંડે છે.)

૧લો પ્રવાસી—ઓ ઉદાર દીલના મહાવીર! કૃપા કરી અમને કહો કે આપ કોણ છો અને કયા કારણે આપ અરણ્ય-ને પોતાનું સ્થાનક ગણી વસો છો.

પ્રતાપસિંહ—(પાછો ફરી) ભાઇઓ, હું એક મહાદુ:ખી રાજપુત્ર છું. સ્વરાજ્યની ભૂમીથી ભ્રષ્ટ થયલો હું એક અતિ ચિંતાતુર મનુષ્ય છું.

૨જો પ્રવાસી—(ત્રીજા પ્રવાસીને) હા, એજ, એજ. આ-પણા પાટવીકુંવર વીર્યવાન પ્રતાપસિંહ એજ.

પ્રતાપસિંહ—સાવકી માતાના અનિવાર્ય અસત્ય પ્રપંચથી ધિક્કારાયલો હું એક પુત્ર છું અને—

૧લો પ્રવાસી અને આપ નામદાર સરદારનું નામ શું!

પ્રતાપસિંહ—મારૂં નામ દુર્ભાગી પ્રતાપસિંહ.

(આશ્ચર્યથી સઘળાએ એક બીજા સામે જુએ છે અને પ્રતાપસિંહને પગે પડી નમન કરે છે.)

૧લો પ્રવાસી—મહારાજ ! મહાભાગ ! આપ હવે મહા દુઃખી નથી, રાજ્યભ્રષ્ટ નથી અને દુર્ભાગી પણ નથી. આપ હમારા સરદાર છો, હમારા મહારાજાધિરાજ છો અને આપ હમારા સર્વસ્વ છો. અમે આપ નામદારના રંક તાબેદાર છીએ અને આ અરણ્ય ઓળંગી અમારો ઇરાદો કનકાપુરી પર્યંત માત્ર આપની ખોળ અર્થેજ જવાનો હતો. એટલામાં આ દુષ્ટ પ્રાણીએ અમારા ઉપર હલ્લો કરવાનો કેવો પ્રયત્ન કર્યો અને આપ ધીરવીરે તેનો કેવી ચપળતાથી વધ કર્યો એ આપના સમક્ષજ બન્યું છે.

પ્રતાપસિંહ—શું તમે મને ખોળવા નિકળ્યા છો ?:—

૧લો પ્રવાસી—સત્ય છે કૃપાવંત. કારણ કે પિતાશ્રી થોડાક દિવસ થયાં આ ક્ષણિક ને મોહમય સંસારનો ત્યાગ કરી ગયા છે અને મહારાણી તથા તેમના છોટા રાજકુમાર વીજળીના મારાથી ઘર પડવાને લીધે દબાઇ મરણ પામ્યા છે. આમ દુઃખદાયક બનાવો બન્યા પછી હાલ આપ મહારાજાધિરાજની ગેરહાજરીથી શાંતિપુરના નરેશની ગાદી સુની છે અને આપને નિરખવાને સર્વ પ્રજા અત્યાતુર છે. આપ હવે સ્વરાજ્ય ભણી પગલાં ભરશો તો આપના તાબેદાર અને શાંતિપુરની ભલી અને રાજ્ય ભક્ત પ્રજા ઉપર ઉપકાર થશે.

પ્રતાપસિંહ—(મનમાં) ઓઃહો ! "માણસ ધારે છે શું ને પાર ઉતરે છે શું ?" ઇશ્વર મરણ તીરે આવેલાને પણ કેવી યુક્તિથી બચાવી લે છે અને તેના ઉપર કેવી અકથ્ય કૃપા વરસાવે છે તે મારાજ દૃષ્ટાંતથી સાબિત થાય છે. હૃદયપ્રિયા તો ગઈ અને રાજ્યશ્રીને રાજ્યગાદી આવી મળી. હવે કરવું કેમ ? મરવું કે પ્રજા પાલનનો ક્ષાત્ર ધર્મ બજાવવો ? જો નથી મરતો તો પત્નિ તરફનો પવિત્ર ધર્મ ચુકું છું અને જો મરૂં છું

તો ક્ષાત્ર ધર્મ ભુલું છું. આ બેમાં શ્રેષ્ઠ શું છે? ખરેજ, મારી દશાતો ત્રિશંકુના જેવીજ થઈ.

૧લો પ્રવાસી—કૃપાનાથ! આપ એટલા બધા કયા વિચારમાં લીન થયા છો? કહેવાને અડચણ ન હોય તો અમારાં સદ્ભાગ્ય! કારણ કે સુખકારક હશે તો અમને પરમાનંદ થશે અને દુઃખકારક હશે તો અમે સહાયક થશું.

પ્રતાપસિંહ—મેનકા નામની એક સુંદર તરૂણી, કે જે સ્વેચ્છાથી મને વરેલી છે તે પેલા વટવૃક્ષ તળેથી કહીં ગુમ થઈ ગઈ છે. તેની શી સ્થિતિ થઈ હશે તે નિશ્ચયપૂર્વક જાણવામાં નથી પરંતુ મરણ શિવાય આવા જંગલમાં બીજો કયો બનાવ બન્યો હોય? આમ ધારી આજ એ સ્થળે હું મરવાની તૈયારીમાં હતો, એટલામાં તમારા ભયદર્શક શબ્દો સાંભળતાં હું અંહિ દોડી આવ્યો.

૧લો પ્રવાસી—આપને એમ કરવાની કશી અગત્ય નથી. અમારાં ભવિષ્યનાં મહારાણી હજી હૈયાત છે. કારણ કે એક પુરૂષ એક સ્ત્રીને પોતાના ઘોડા ઉપર નાંખી લઈ જતો અમે હમણાંજ જોયો હતો. આપ અમારી સાથે ચાલો અને આ બે માણસો (માણસો તરફ આંગળી કરી) એમના શોધ અર્થે જાયછે અને થોડાજ વખતમાં આનંદજનક વર્તમાન લઈ પાછા આવશે.

પ્રતાપસિંહ—પણ શું એજ મારી મેનકા હતી એમ તમે શા ઉપરથી કહી શકો છો.

૧ લો પ્રવાસી—આપની વાતચિત ઉપરથી અને વળી માણસો તપાસ કરશે એટલે પુછપાછથી સત્વરે ખબર આવશેજ.

પ્રતાપસિંહ—ઠીક ત્યારે.

૧ લો પ્રવાસી—મહારાજ! આપને માટે આણેલા આ વાહનમાં આપ બિરાજો.

(પ્રતાપસિંહ તેમ કરેછે અને તેઓ શાંતીપુર તરફ વિદાય થાયછે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ:—અરણ્ય.

ભાનુમતિ.

ભાનુમતિ—વિનતી ધરજો ધ્યાન એ રાગ.

દુઃખનો ન આવ્યો પાર, હાંરે પ્રભુ દુઃખનો ન આવ્યો પાર.
જંગલ જંગલ રખડી હું થાકી, બની હવે બેહાલ; હાંરે પ્રભુ૦ ૫૫
ઘોર અરણ્યે આવી પડી હું, લેજે ઓ ઈશ સંભાળ; હાંરે પ્રભુ૦ ૫૬
ચરણે કંટક પથ્થર વાગે, અંગે ઉઝરડા અપાર; હાંરે પ્રભુ૦ ૫૭
ચોપાસે પેખું પર્વત પ્રૌઢા, વ્યાઘ્ર, વરૂ ભરે ફાળ; હાંરે પ્રભુ૦ ૫૮
ભીરૂ અબળ હું દેખી શકું કેમ, રાની પ્રાણી વિકરાળ; હાંરે૦ ૫૯
ટાળ અતી દુઃખઝાળ વધી જે, કાળ કરાળ કૃપાળ; હાંરે૦ ૬૦
પુત્ર ભેટાડી, લેને ઉગારી, ઓ પ્રભુ દીન દયાળ; હાંરે૦ ૬૧

અરેરે! હવે તો હું થાકીને લોથપોથ થઈ ગઈ છું. મારા પગમાં કશી પણ આય રહી નથી. ભૂખને તરસે મારૂં માથું ફરેછે. અરે આ કંગાળ કપડાંનો પણ ઝાડી ઝાંખરામાં ભરાઈ નાશ થવા આવ્યો. આહા મારૂં (શરિર તરફ જોઈને) કેવું વિચિત્ર બન્યું છે? હાથ, પગમાં ને આખે અંગેતો ઉજરડાની ફાટ પડીછે. મ્હોડુ સુકાઇ ખરબુચડું બન્યુ છે. આંખો તણાઈ તણાઈને લાંબી થઈ ગઈ છે. માથાના વાળ સઘળા વીખરાઈ ગયા છે. આવી દુઃખદાયક સ્થિતિ બીજી કઈ રાણીની હશે અને હશે તો એવી બીજી કઈ રાણી હશે કે દુઃખ પામતા છતાં પણ મારી પેઠે સહન કરતી હશે? પણ આમ આ દુઃખો કયાંસુધી સહન કરવાં? પુત્ર તો મળ્યો નહિ. રખડી ભટકીને થાકી પણ તે તો મળ્યો નહીં. કોણ જાણે તેની કેવી એ હાલત થઇ હશે. જ્યારે જગદાધારે સ્વહસ્તેજ છિનવી લીધો ત્યારે મુજ અબળાનો શો ઉપાય? પણ ત્યારે શું તે હવે મળશે? કેમ કરવાથી મળે! આખું અરણ્ય તો હું ફરી વળી, ઝાડીએ ઝાડી તપાસી જોઈ પણ તે તો ન મળ્યો. એકવાર સર્પના મુખમાં પગ મુકતાં મુક-

તાંજ બચી. એકવાર ચોરોની આપત્તિમાંથી ઉગરી. બેવાર હિંસક પ્રાણીઓના ઝપાટામાંથી પ્રભુએ રક્ષી તે છતાં પુત્ર પ્રાપ્તિ થઈ નહિ ત્યારે એમજ જાણવું જોઇએ કે તે સર્વાધારની ઇચ્છા મને નિરાધારજ કરવાની છે. ત્યારે હવે જવું કયાં ? આ ઘોર અરણ્યમાંથીતો હવે ત્વરાએ નિકળી જવું જોઈએ. તે ભલીબાઈ અને દયાળુ પુરૂષનો સદાસર્વદા જય હોજો કે તેમણે મને દુષ્ટના ડાચામાંથી જીવતી બચાવી. હવે તો અહિંથી પેલા રાજમાર્ગ ઉપરથી કોઈ શેહેરમાં જઉં અને ત્યાં જઈ હમેશને માટે નિવાસ કરૂં. "જીવતો નર ભદ્રા પામે" એ કહેવત પ્રભુ પાંશરો હશે તો પાર પડશે નહિ તો આ દુઃખી સ્થિતિ, ને દુઃખના બોજાઓતો કપાળે ચોંટેલાજ છે. (જાય છે.)

— ※ —

अंक ३ जो.

પ્રવેશ ૧ લો.

સ્થળઃ—પ્રતાપસિંહનો ખાનગી ઓરડો.

પ્રતાપસિંહ, પ્રધાન, સૈનાપતિ, કચુંકી અને એક હેરક.

પ્રતાપસિંહ—એક પણ દિશા, એક પણ ખંડ, એક પણ દેશ, એક પણ નગર, અને એક પણ ગામ એથી બાકી રહેવું નહિ જોઈએ કે જ્યાં મેનકાની શોધ અર્થે આપણાં માણસો ગયાં નહિ હોય.

પ્રધાન—આપની શુભેચ્છા મુજબ સર્વ કંઈ અમલમાં મેલાઈ ચુકયું છે.

પ્રધાન—સૈનાપતિ ! તમારે અહર્નિશ સર્વ પ્રકારે હવે સાવધાન રહેવું અવશ્યનું છે. કારણ કે મારો ઈરાદો કેટલોક સમય વિત્યા બાદ નિર્મળપુર અને નેહનગર ઉપર ઉપડી જવાનો છે.

સેનાપતિ—જેવી ખુદાવંદ સરકારની આજ્ઞા.

(કંચુકી પ્રવેશ કરે છે.)

કંચુકી—કૃપાધિરાજ ! બહારથી આવેલો એક હેરક આપના સમાગમની અભિલાષા રાખે છે. આજ્ઞા હોય તો અંદર બોલાવું.

પ્રતાપ૦—ઠીક, બોલાવ તેને.

(કચુંકી હેરકને પ્રવેશ કરાવે છે.)

હેરક—(બીડેલો પત્ર પ્રતાપસિંહના હાથમાં મુકીને) આયુષ્માન ! આ પત્ર !

પ્રતાપ૦—(પત્ર ઉપરનું શિરનામું જોઈ) આ પત્ર ઉપરનું શિરનામું તો મારા ગત થયેલા પરમ પ્રતાપિ પિતાના પવિત્ર નામનું છે. ઠીક, જોઉં તો ખરો. (કાગળ ફોડીને વાંચે છે.)

લલીતાના કાગળનો રાહ.

સ્વસ્તી શ્રી શાંતીપૂર ગામ શોભે સારૂંરે,
રાજા સુરસેન કેરૂં રાજ પ્રજાને પ્યારૂંરે. ૬૨
કનકાપૂરીથી લખીતંગ, તમ પુત્રની પત્નીરે,
મંગળપુરાધીશ કેરી કન્યાય બની કેદવાનરે. ૬૩
હતી દુષ્ટ રાક્ષસને હાથ, દુઃખમાં ભારીરે,
દુઃખ દીસે ધરી ગ્રહયો હાથ, ચડીનાથ વહારીરે. ૬૪
મારી દુષ્ટને રાખી પાસ, રક્ષણ કરતારે,
અહોરાત્રી લેઈ સંભાળ, દેશો દેશ ફરતારે. ૬૫
તૃષા વેરી થઈને નાથ, ગયા નીર લેવારે,
તજી ભાન પડી બેભાન, બન્યા હાલ કેવારે. ૬૬
મળતાં નીરને નીરખ્યો મેહેલ, આતે કેવોરે,
પ્રત્યક્ષ પાપી પ્રપંચ, પેખ્યો તેવોરે. ૬૭
આવીછેરે અણીપર વાત, શિળ ભંગ બનવુંરે,
દુઃખ દેછે મને તે અપાર, છેવટ છે મરવુંરે. ૬૮
આશ ધારી તમારી આજ, અરજ ગુજારૂંરે,
ધરી અરજને રાખો લાજ, અબળા પોકારૂંરે. ૬૯

શું મેનકા હજી છે? વળી તે શું મહાદુઃખદાયક અવસ્થામાં છે? પાછી દુઃખ અને આપત્તિમાં છે? એક રાક્ષસના હાથમાંથી છુટી શું બીજા રાક્ષસના હાથમાં પાછી સપડાઈ છે? શું આ સઘળું ખરૂં છે! વા સ્વપ્ન છે? ના, સ્વપ્ન તે કેમ હોય! હેરક! તું મને ત્યાંના સર્વ વર્ત્તમાન નિવેદન કર. (હેરક તેમ કરે છે તે પછી) સૈનાપતિ! મારૂં વચન આગળ આવ્યું. ચાલો, હવે વિલંબ ન કરો અને સત્વરે સજ્જ થાઓ. નિર્મળપુર ને નેહનગરને હમણાં એક બાજુએ મુકો અને કનકાપુરિના નરાધમ નરાધિપનો દુંબાલો પકડો. એ દુષ્ટને પુરતી સજા કરી તેનું રાજ્ય, રાજ્યશ્રી અને સર્વ કંઈ હસ્તગત કરી આ રાજ્ય પ્રત્યેની તમારી જુની' અચળ ને અદૃઢ રાજ્યભકિત દર્શાવો.

સૈનાપતિ—જેવો હુકમ.

(સૈનાપતિ જાય છે અને તે પછી સઘલાઓ એક પછી એક ચાલ્યા જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ સારંગપુરની ભાગોળ.

ભાનુમતિ અને એક ગુણકા.

ભાનુમતિ—(સ્વગત) આખું જંગલ રખડી રખડીને થાકી અને આ શરિર છેક નિર્માલ્ય બની ગયું, મૂખ તેજ હિન થયું, ચાલવાની શકિતનો વિનાશ થયો તથાપિ અકરમીના પડીઆ કાણા તેમ હું અભાગણીનાં નશીબ બે ડગલાં આગળનાં આગળ. પતિના ક્રોધમાં આવી, સ્થાનભ્રષ્ટ થઇ, સ્વદેશથી દૂર પડી તોપણ પ્રભુ કૃપાએ મળેલા એક સુક્ષ્મ રત્નથી મનને અતિ સંતોષ હતો. પણ રે! તે પણ ગુમાવ્યું! શોધતાં, રખડતાં, ભટકતાં પણ નજ મળ્યું. હાય! હું તે કેવા ભુંડા ભાગ્યવાળી! (ગામ તરફ જોઈ) ગામની ભાગોળ તો અહીં દેખાય છે. પણ મારે હવે ક્યાં જવું?

આ અજાણ્યા ગામમાં કોને આશ્રયે જઈ રહેવું ? કોને કહેવું કે તું મારૂં પોષણ કર ? મારૂં સંરક્ષણ કર ? જીંદગી ! ઓ કંગાળ જીંદગી ! તું એક વખત કેટલી બધી સુખદાયક દીસતી હતી અને અમરત્વ ઇચ્છતી હતી ? આજે તું કેટલી બધી કંટાળારૂપ દીસે છે ? કેટલી બધી દુઃખદાયક ભાસે છે ? આનું કારણ શું ? વખત ! સ્થિતિ ! તમે જેટલું નહિ કરાવો તેટલું થોડુંજ છે. (સામેથી એક સ્ત્રીને આવતી જોઈ) આ કોણ સ્ત્રી મારી સન્મુખ આવે છે ! હું તેને ઓળખતી નથી પણ તે શું મને ઓળખતી હશે !

કેમ ખોલું પ્રીતમ ઘૂંઘટો—એ રાહ.

ગુણકા સુણ સુંદરી પૂછું તુજને, કોણ દેશની તુંતારૂણી,
ઉદાશ બની તું આ સ્થળે, કેમ બેઠીછે શોકકારણી. સુણ ૭૦
સંશય રહે છે મુજને, મોટા ઘરની તું મહાસતી,
કેમ આવી તું આ નગ્રમાં, કહે વાત તું અથઈતી. સુણ ૭૧

ભાનુમતિ—કનકાવતી નગરીતણી, કનકસેનની હું તારૂણી.
બીજી શોક્યોના પ્રપંચથી, વીધાત્રી થઈ મુજવેરણી. સુણ ૭૨

ગુણકા—ગભરાઈશ ન અંતર વિષે, રક્ષા કરીશ હું તુજ તણી,
ચાલોને મંદીર માહરે, જુદાઈ મનમાં નવગણી. સુણ ૭૩

ભાનુમતિ—ભલી બાઇછો એમ જાણીને, આવું હું તમ મંદીર ભણી,
નીયમ મારા પાળવા રજા માગુ છું હુ તમતણી. સુણ ૭૪

ગણીકા—બાઈ ! તમારી મને ઘણીજ દયા આવે છે અને તમારા બોલવા તથા દેખાવ ઉપરથી તમે કોઈ મ્હોટાં પણ દુઃખના અસહ્ય બોજા તળે કચડાયલાં દીસો છો. જો એમજ હોય અને તમે નિરાધાર હોવાથી આધારની આશા રાખતાં હો તો ચાલો મારી સાથે. પ્રભુ સર્વે સારાં વાનાંજ કરશે.

ભાનુમતિ—હું તમને બિલકુલ જાણતી, ઓળખતી કે પિછાણતી નથી પણ તમારા બોલવાની સફાઈ, નમ્રતા અને માલસાઈ ઉપરથી હું તમારા આશ્રય નીચે રહેવામાં કંઈ વાંધા

ભરેલું જોતી નથી, હું એટલોજ કરાર કરવા માગું છું કે મારૂ પતવ્રિત જળવાય અને આ દુઃખયારી દેહનો અંત આવે ત્યાં સુધી તમારા આશ્રય નીચે રહું તે બદલ તમારૂં સઘળું હું કામ ખુશીથી કરીશ.

ગણીકા—બેફીકર રહો, અને સરવેશ્વર ઉપર શ્રદ્ધા રાખો દુઃખીઆનાં દુઃખ ફેડવાને તે કૃપાવંત સર્વદા શકિતવંત છે.

(ભાનુમતી ગણીકા સાથે જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળઃ—કનકપુરીનું મેદાન.

(પ્રતાપસિંહ અને કનકસિંહનાં લશ્કર સામસામો પડાવ નાખીને પડયાં છે અને લડાઈની તૈયારી થાય છે.)

પતાપસિંહ—સૈનાપતી! ધારવા કરતાં આપણે ઘણાજ જલદી આવી પહેચ્યા છીયે કેમ વારૂ?

સૈનાપતિ—કૃપાવંત? આપનું વદવું યથાર્થ છે.

પ્રતાપસિંહ—પણ ત્યારે હવે સંગ્રામની ઢીલ થવી જોઈતી નથી. ક્ષત્રી બચ્ચાઓનાં ઉકળી રહેલાં રકતને શાંત પાડનાર વખતને આગળ વધવા દેવો જોઈતો નથી. દુસ્મનની તૈયારી કેટલા બધા નબળા પાયા ઉપર છે, અને તેની તમામ પ્રજા તેની વિરૂદ્ધ કેટલી બધી છુપી ઉશ્કેરણી ચલાવી રહી છે એ આપણા દુતે કહેલા સમાચાર સર્વાશે સત્યતાથી ભરેલા છે. આમ છે તો ઢીલ શાને માટે? લશ્કરમાં એકદમ જાગૃતિ આણો અને બેવડા બળથી દુશ્મનની ઉપર તુટી પડો,

સૈનાપતી—મહાવીર! જેવી આજ્ઞા. (સૈનાપતિ જાય છે. અને લશ્કરને સજ કરી એકદમ કનકસેનના લશ્કર ઉપર હલ્લો લઈ જાય છે. કનકસેનનું લશ્કર પણ સામેથી આવી

પ્રતાપસિંહના લશ્કરને પાછું હઠાવે છે. આ વખતે પોતાના લશ્કરને શૌર્ય ચડાવા પ્રતાપસિંહ લશ્કર પાસે આવી બોલે છે.

પ્રતાપસિંહ—

ચાલો ચાલો શુરવીરો, લડવાને ચાલો,
ધરીને હીમત મન, શુર ધરી ચાલો ચાલો, ચાલો. ૭૫

ગ્રહીને હથીઆરો હાથ. લડવા દુશ્મનોની સાથ,
ભેટો જઈ ભીડી બાથ, હીંમત બતલાવો ચાલો, ચાલો. ૭૬

સાંગ, ફરસીને કટાર, ભોકી ભાલા મારો ઠાર,
કરો દુષ્ટનો સંહાર, ફતેહ જણાઓ, ચાલો, ચાલો. ૭૭

તડડડ મારો તીર, જેથી જાએ સૌની ધીર,
કહેવા એ શુરવીર, વિજય દરશાવો ચાલો ચાલો. ૭૮

પ્રભુજી ચડશે વહાર, સત્યે થાય જયજયકાર,
શા છે દુશ્મનોના ભાર, વાજીત્રો ગગડાવો, ચાલો, ચાલો. ૭૯

સજ્જ થઈ ઉભેલું લશ્કર એકદમ કનકસેનના લશ્કર ઉપર તુટી પડે છે, અને ઘણી મોટી કતલ ચાલ્યા પછી બાકી રહેલું લશ્કર પ્રતાપસિંહને શરણ આવે છે, તથા પ્રજા તેને પગમાં પડી કનકપુરિનો રાજ્ય મુગટ પેહેરવાની અરજ કરે છે. કનકસેન લડાઈના દરમીઆનજ પોતાની બંને રાણીઓ સહિત અરણ્યમાં નાશી જાય છે અને મેનકા પ્રતાપસિંહને આવી મળે છે.)

મેનકા—

પ્રભુએ લજ્યા રાખી મારી, રાખજો સૌની મોરારી,
સત્ય ચાલે જે નરને નારી, તે પામે સુખસાર,
અધર્મ ને અન્યાય કરે જે, તે નર થાયે ખ્વાર,
ખ્વાર થઈ પામે દુઃખ ભારી, સત્યનો બેલી જગકારી, પ્રભુ. ૮૦

કનકસેને અકાર્ય કર્યું તો, સુખ ન પામ્યો લગાર,
રાજ્ય થકી તે ભ્રષ્ટ થઈને, નીકળ્યો નગરથી બહાર,
બહાર તે ગયો લેઈ નારી, સત્યનો બેલી જગકારી. પ્રભુ. ૮૧

— ❋ —

પ્રવેશ ૪ થો.

સ્થળ—ગણીકાનું ઘર.

ભાનુમતિ અને ગણીકા.

ભાનુમતિ—(સ્વગત) ફસી, ઓ વિશ્વાધારા! હું તો ફસી. અરે એક અસહ્ય કૃત્ય કરનારી નીચ-પાપિણી—રંડા ગણીકાના પ્રપંચમાં ફસી. ઉગરવાનો એકે ઈલાજ નથી. હાથમાં દીવો લઇને હું તો કુવામાં પડી. રે! દુષ્ટ પારધીએ નિર્દોષ હરણિને ફસાવી. હાય! રાતતો પડી ગઈ અને હવે તે દુષ્ટા હમણાંજ આવવી જોઈએ. ત્યારે હવે મારે શું કરવું? શું કરવું એ પ્રશ્નજ શા માટે? કાંતો મારવું ને નહિતો મરવું. પણ પવિત્રતા-શુદ્ધ પવિત્રતા આર્ય જાતિ દિપક પવિત્રતાને તો કિંચત્ માત્ર પણ ઝાંખ લાગવા દેવી નહિજ. આ હૃદયનો ઠરાવ, આજ નિશ્ચય અને આજ સિદ્ધાંત. (બારણાં ભણી જોઇને) હા, એ રંડા તો આવી. બાર ખખડાવ્યાં. ઠીક, ભલે, આવવા દે. (છાતી ઉપર હાથ ધરીને) અરે ભીરૂ હૃદય! આટલો બધો ગભરાટ ધરે છે શાને? સર્વનો બેલી પરમેશ્વર છે.

(ગણીકા આવેછે.)

ગુણકા— કાળીઘટા—એરાહ.

કર કબુલ કહયું તું મારૂં, શું જાશે તેમાંથી તારૂં,
તું રખડી રઝળી મરશે, કોણ દુઃખ તારૂં જીવ ધરશે.
હું કહું છું સાચી વાત, થશે તુજ ઘાત,
કહયુ ન માને મારૂં. શું જાશે.— ૮૧

ભાનુમતી—કમજાત તું છાની રહેને, શું કરીશ તે મુજને કહેને,
હું કરીશ તારી ઘાત, માનુ ન વાત,
એવું હું ધારૂં નહી માનું કદી હું તારૂં.— ૮૨

ગુણકા—અહંકાર તું શાને કરેછે, બહુ ગુમાન મનમાં ધરેછે,
રાખીશ તને હું કેદ, પામીશ મનખેદ,
બચવાનું નહી, કો બારૂં, શું જાશે.— ૮૩

ભાનુમતી—કર કેદ તેથી શું થાશે, વિશ્વેશ્વર વાહારે ધાશે,
સત્યનો બેલી છે ઈશ, રીઝે જગદીશ,
પરીણામ થશે રે સારૂં, નહી માનું કદી હું તારૂં.—૮૪

ગણીકા—(ગુસ્સામાં) કેમ એ કમઅકલની કંગાળ સ્ત્રી! તારે તારા દેહની દરકાર છે કે નહિ? જો હોય તો થા સત્વરે મારી ઈચ્છા ને આધીન તારે. જાણવું જોઈએ કે હું સર્વ પ્રપંચોની નદીનું મુળ આ ઘર છે એટલે તારા સર્વે કંઈ પ્રપંચો નિષ્ફળ છે વળી તું મારા કબજામાં છે એટલે તેમાંથી મૂકત થવું તારે અતી મુસ્કેલ છે. જો તું મારા ઘરાકનું મનરંજન નહી કરીશ તો તને હતી ન હતી કરવામાં મને વિલંબ, અગવડ કે અટકાયત નડવાની નથીજ.

ભાનુમતિ—શું બહીક બતાવી, ગભરાવી આખરે પણ અધમ કાર્યમાં ઉતરાવવુ એવું તારૂં ધોરણ હશે કાં? જો એમજ હોય તો હું પણ કહીશ કે તારી ધારણાઓ તમામ નિષ્ફળ છે.

ગણીકા—અકલને ઠેકાણે રાખી વિચારશક્તિને પુન: હાથ કર એ કમનશીબ અબળા! લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ને મોઢું ધોવા જવું એ તો કેવળ કર્મની કઠણાઈવાળાં માણસનેજ સુઝે. સંસારના સારનું છેવટ ખાન પાનને મન ઈચ્છી મોજમઝા શિવાય બીજું શું છે કેવા વિચારહિન તું મિથ્યા વિચારમાં મલકાતી ફરે છે?

ભાનુમતિ—નીચ વિચારો ને નીચ કાર્યમાં રમણ કરનારી સ્ત્રી! સંસારનો સાર જો તું કહે છે એમજ હોય તો તે તને અભિવંદનિય હો! મને તારો એ વિચાર નથી જોઈતો અને નથી જોઈતો તારો લક્ષ્મીનો ચાંલ્લો!

ગણીકા—વિચાર વિનાની અંધઅબળા! જરા આગળ પાછળ નિહાળ ને આવતા વખતની સ્થિતિનો લેશ માત્ર પણ શોચ કર. મિથ્યા શાને દુ:ખાબ્ધિમાં કુદી પડવાને આતુર થાય છે. હું મારો નિશ્ચય તો ફેરવનાર નથીજ. કાંતો બળાત્કાર અને નહિતો છેવટે યમદ્વાર.

ભાનુમતિ—સ્ત્રી જાતિનું અખુટ, અક્ષય દ્રવ્ય જે એક પતિવ્રત છે તે છોડાવવાને અર્થે તારે ચાહે તો આકાશની નીચે ઉતાર, અથવા તારે ચાહેતો મને પાતાળમાં દાબી દે તથાપિ તારી ઇચ્છા અમલમાં આવવાની નથીજ.

ગણીકા—ઠીક, આજ નહિ તો કાલ, કાલ નહિ તો પરમ. પણ તું વિચાર કર અને સુખની સાથે શત્રુતા બાંધતી અટક. હમણાંતો હું જાઉં છું. (ગણીકા જાય છે.)

ભાનુમતિ—(સ્વગત) હવે શું કરવું એજ વિચાર અગાડી થયો છે. આ દુષ્ટ અબલા અરે બલાની જાળમાંથી છટકી જવાય અથવા મૃત્યુના ખોળામાં માથું મુકાય તોજ પતિવ્રત્ય લુટાતું અટકે. આ બે રસ્તામાંથી કયો રસ્તો ગૃહણ કરવો? મરવું એજ. પણ સારા સાર વિચારનારાઓના વદવા મુજબ આપઘાત કરવા પેહેલાં બીજા ઉપાયો હોય તો તે અજમાવવા એ વધારે સારૂં છે. જ્યારે બીજા ઉપાયો નહિ ફાવે ત્યારે મરવું એતો એક છેલ્લો રસ્તો છેજ પણ તે પહેલાં બીજા ઉપાયો શા માટે નહિ કરવા? (પોતાના હાથની વીંટી તરફ જોઈ) મહારાજાએ મને અને કલહપ્રિયાને આપેલી તથા પોતે પણ રાખેલી એકજ નમુનાની આ વીંટી મારી શાક્ષી ભૂત છે અને હું તેનીજ રૂબરૂમાં મારાં પતિવ્રત્ય વિષે મરણ પર્યંતનો યત્ન કરવાને તત્પર છું. પણ હવે છટકવું કયાંથી? કઈ જગાએથી? કેવી રીતે? (સુભાગ્યે રાત્રી અંધારી છે અને હવે ફકત જરા જેટલું સાધન અહીંથી નાશી જવાનું મળેતો હું માનીશ કે પ્રભુની ઇચ્છા હજી મારાં પતિવ્રત્યના સંરક્ષણ માટે છેજ. હા, જો આ બાકોરૂં શાનું? (બાકોરા તરફ જઈને) વાહ! અહીંથી તો આ બીજા ઓરડામાં જવાય તેમ છે? ઠીક ચાલો. (ઓરડામાં જતાં દાદર તરફ જોઈને) આ દાદર મને નીચે ઉતારશે કે નહિ? (એક બારી સામે જોઈને) આ બારીમાંથી નીચે ઉતરવું મને વિષમ્ લાગે છે. ચાલ ત્યારે, વળી વધુ વિચારો શા માટે? (દાદર ઉપરથી ઉતરતાં) આ દાદરે તો પૃથ્વીમાતાનું પેટ ફોડેલું જણાય છે. શું એ છેક

પાતાળ પર્યંત પહોંચ્યો હશે. આ દાદરથી નાશી જવાય એમ તે મને દીસતું નથી. ચાલ પાછી. બારીનો રસ્તોજ સારો છે. (પાછી આવી બારીએ કપડું બાંધી ગુપચુપ ઉતરી પડી ઉતાવળી ચાલી જાય છે.)

પ્રવેશ ૫ મો.

ભાનુમતિ અને પાનાચંદ શેઠ.

ભાનુમતિ—(સ્વગત) હવે સવાર તો પડી અને સુખનું સવાર પણ સાથેજ દીસે છે. ખરે! વાઘના મુખમાંથી ઉગરનારના જેવી મારી હાલત થઈ છે પણ તેમ થાય તેમાં નવાઈ શી? (એક મોટી હવેલી જોઈ) આ ઘર કોનું હશે? દીસે છે તો કોઈ શ્રીમંતનું. શું શ્રીમંતને ત્યાં મારો સત્કાર નહિ થશે? શું પેટવડીએ પણ નહિ થશે? થશે, થશે. જેણે દુઃખાબ્ધિમાંથી ડુબકાં ખાતી તારી તે શું હવે નહિ તારે? એમ કેમ કહેવાય? (આંગણામાં જઈને) શેઠ વર્ગતો અહીંજ બેઠેલા જણાય છે. શું મારી આવી હાલત નિહાળી તેને કરૂણા નહિ આવે! લાવ વિનતિ તો કરૂં? (મૂખ્ય શેઠ તરફ જઈને) વાહ કુળ દિપક શેઠજી! એક રંક, કંગાળ ને દયાપાત્ર સ્રીના તરફ આપનું અમૂલ્ય લક્ષ લગાડશો?

પાનાચંદ—શું તમને અન્ન જોઈએ છીયે? અથવા શું વસ્ત્ર જોઈએ છીયે?

ભાનુમતિ—મને આપની સેવા જોઈએ છીયે. આપ જે કાર્ય મારે લાયકનું ફરમાવશો તે હું કરીશ. તેના બદલ ફક્ત મને પેટ પુરતું અન્ન અને શરિર સંરક્ષણ થાય તેટલાં લુગડાંજ આપશો.

પાનાચંદ—તું જાતે કોણ છે એ મારે પેહેલાં જાણવું જોઈએ.

ભાનુમતિ—મારી જાતિથી તમારા ઘરમાં અપવિત્રતા આવશે નહિ.

પાનાચંદ—તને વધારે સારૂં કયું કામ આવડે છે?

ભાનુમતિ—બાળકોની ઉછેરણી અને કેળવણીનું કામ જો મને સોંપશો તો તે હું યથાસ્થિત બજાવીશ.

પાનાચંદ—બહુ સારૂ. જાઓ ઘરમાં. (પોતાના નોકર તરફ આંગળી કરી) આ માણસ જેમ બતાવે તેમ વરતો.

ભાનુમતિ—પ્રભુ તમારૂં સર્વદા શ્રેય કરો! (જાય છે.)

— ❋ —

પ્રવેશ ૬ ઠો

સ્થળ—મંગળપુરની પોલીસગેટ.

પ્યારી ખતાફ માફ કરો પૂર કસુર હે—એ રાહ.

કનકસેન—હે ઇશ કોપ શો થયો, આ શી દશા મારી
પદભ્રસ્ટ થઈ હું રાજથી, થાકયો ફરી ફરી.—હે ઈશ. ૮૫
રાજ સુંખ સૌ ગયું, ગઈ ત્રણે નારી,
આખર આ સ્થીતીમાં, આવ્યો પાપે કરી.—હે ઈશ. ૮૬
વિનાવાંકે ભાનુમતિને, મેં તો પર હરી,
ધીકાર છે કલહપ્રિયા, પ્રપંચીતો ખરી.—હે ઈશ. ૮૭
ખરે જોસીના પ્રશ્નની બીના બની ખરી,
સિવાય આમ ન બને સાચી બીના ઠરી.—હે ઇશ. ૮૮

(શિપાઇના પોશાકમાં) રાજ્ય ખોયું, દ્રવ્ય ખોયું દૈવત્વ ખોયું, રાણીઓ ખોઈ, અરણ્યમાં આથડયો, અનેક પ્રકારે દુ:ખી થયો અને ઓછામાં પુરૂં શીપાઈના વેશે આ રાજ્યની નોકરી કરીને દિવસ કાઢવાનો વખત આવ્યો છે. હાય! રંકનો રાય ને રાયનો રંક એ શું ખોટું છે? (પોતાની વીંટી તરફ

જોઇને) આ જાતની બીજી વીંટીઓ કોઈ પણ ઠેકાણેથી મળે તો ખચિત્ત કલહપ્રિયા અને ભાનુમતિનો પત્તો તો મળે. ઠીક, ચાલો. વખત થઈ ગયો છે માટે ખોટી થવું ઘટતું નથી. હાય! વ્યભી-ચાર, છે યાર અતી દુઃખકાર. (તે જાય છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ:—મંગળપુરના વાણીયાનું ઘર.

સુલોચના.

સુલોચના—(સ્વગત) એક મહારાણીના પદને પંકાવતી અને શોભાવતી સ્ત્રી એક વાણીયાના ઘરમાં ચાકરી કરી પોતાનું ગુજરાન કરે એ તે નશીબના ચક્રનો કેવો અદ્દભુત ફેર-ફાર? જગતનાં સર્વ ભૂત પ્રાણી ઉપર અસ્ત ઉદયનો અમલ બિન અટકાયતે ચાલુ છે તો હું પણ તેજ અમલતળે અત્યારે ગુંચવાઈ છું એમાં શું અસત્ય છે? મહારાજા કયાં હશે અને કલહપ્રિયા શું કરતી હશે એ પ્રશ્નજ હવે તો મારે માટે સદાનો ગુમ થયો ના? ખેર! જીવતો નર ભદ્રા પામે એ શું સાચું નહિ પડે! (જાય છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ:—મંગળપુરમાં એક કઠીયારાનું ઘર.

કલહપ્રિયા.

કંથ બીના રહી એકલી જાન.—એરાહ.

કલહપ્રીયા—

પાપી પસ્તાઉ છું આજ. પાપથી કથળ્યું સરવે કાજ
કેમ રહેશે મારી લાજ. પાપથી—

કૃત્ય મારા મુજને નડે, કાઢું કોનો દોશ
વિના પતી હું એકલી કોણ ધરશે મારી દાઝ પાપથી ૯૦
કેમ થશેને શું કરૂં, મન મારૂં ગભરાય
સુજ પડે નહી મુજને. તજી જતાં હો શીરના તાજ પાપથી ૯૧

કલહપ્રિયા—(સ્વગત) સારૂં કરનારનુ સદા સારૂંજ થાય છે પણ ભુડું કરનારનું તો અહોનિશ ભુડુંજ થાય છે. કપટ કરી, ઈર્ષા વધારી, દ્વેષ વધારી મેં શું કાંદો કાહાડયો? ઓછામાં પુરૂં કાચા કાનના ને લક્ષણે પુરા, એવા મહારાજા એટલે પછી બાકીજ શું? આપણે તો હવે એમજ ગણવું જાઈએ કે થવાનું હતું તે થયું. (ગતંનશોચામિ) એજ વાકય ખરૂં છે. દુઃખનું ઓસડ દહાડા. આ કઠીયારાના ઘરની વેઠ કરતાં કરતાં વ્યાધિ ભૂલી જવાશે. પણ હા, રાજયવૈભવનું પરમ સુખ કેમ ભુલાય? અરણ્યમાં આથડી, અરે પાર વિનાનું આથડી પણ મહારાજા ને સુલોચના છુટાં પડયાં તે પાછાં મળ્યાંજ નહિ. છેવટ સાર એજ કે જે થાય તે સારાને માટે અને માથે પડે તે સેહેવું.

अंक ४ जो.

પ્રવેશ ૧ લો.

સ્થળઃ—મંગળપુરનો રાજમહાલય.

માનસિંહ અને વીરસિંહ.

માનસિંહ—(સ્વગત) રાજ્યભાર વહન કરવામાં વીરસિંહ ઘણો કુશળ નિવડયો છે અને મારા આ બુઢાપામાં તેની પોતાની ફકત અઢાર વર્ષની નાની વય છતાં તેણે પ્રજાનો ઉત્કૃષ્ટ પ્રેમ મેળવ્યો છે. વીરસિંહને જ્યારથી રાજ્યભિષેક કર્યો ત્યારથીજ રાજ્યનો બોજો મારા એ સુપુત્રે મારા શિરપરથી ચાલાકી વડે ઉચકી લીધો છે પરંતુ કોણ જાણે આખી જીંદગી સુધીમાં એકાદા

દુઃખના શુળાવડે અહર્નિશ વિંધાવું બાકી હશે કે હજી સુધી મેનકાનો પતો મળ્યો નહિ તેમ નહિ મળ્યા તેના સંબંધના અન્ય કંઈ પણ વર્ત્તમાન. જો જીંદગીની શરૂઆતથી મારા હ્રદયને અહો રાત્ર સાલતાં દુઃખોની ગણત્રી કરૂં તો એક મહારાજા હમેશાંનો દુઃખી હોય એ વાતજ બીજાને તો અતિશય કમકમાવેજ; પણ કુદરતી આફતો અને માનુષી ગફલતો સામે માનવપ્રાણી લાઈલાજ છે શરૂઆતમાં પરમપ્રિય વ્હાલીના મરણનો ફટકો, ત્યારપછી એકનીએક પુત્રી મેનકાના હરણનો ઘા, પુત્ર વિનાના હ્રદયનો પરિતાપ એ સઘળાં દુઃખો સદાને માટે ચાલુ હતાં. આમાં પ્રભુકૃપાથી વીરસિંહ મળ્યો એટલો દુઃખમાં ઓછપ તથાપિ મેનકાની જુદાઈ અદ્યાપિ ભુલાતી નથી. વૃદ્ધાવસ્થામાં રાજ્યભાર છોડી એકાંતવાસી થયો, તથાપિ મેનકાનું નામ આ જીભેથી મુકાતું નથી. (એક સેવક અંદર દાખલ થાય છે.)

સેવક—(બે હાથ જોડીને) કૃપાનિધિ! વીર્યવાન મહારાજા વીરસિંહ બહાર ઉભા છે અને અહીં આવવાની રજા માગે છે.

માનસિંહ—આવવા દે તેને.

સેવક—જેવી આજ્ઞા. (તે જાય છે અને વીરસિંહ આવે છે.)

વીરસિંહ—(સવિનય) પિતાશ્રી! આપને વંદન કરૂં છું.

માનસિંહ—મારા પ્રિયપુત્ર બેસ આ સ્થળે. (બેસવાની જગા બતાવે છે ત્યાં વીરસિંહ બેસે છે.) તારા આગમનનું કારણ કહે.

વીરસિંહ—પિતાશ્રી! હું આવ્યો તો હતો ઘણાજ હર્ષપ્રદાયક વર્ત્તમાન દેવા, તથાપિ કોણ જાણે કેવા સબબથી આપનું મુખ મ્લાન નિહાળું છું.

માનસિંહ—શોકતો સદાનો ચાલુ છે પણ તું જે વર્તમાન નિવેદન કરવા આવ્યો હોય તે તો કહે.

વીરસિંહ—આજે એક પ્રવાસીથી અચિન્ત્યા ખબર મળ્યા છે કે મારી પ્રિયબ્હેન મેનકા છેક ઉત્તરમાં એક ન્હાનુ રાજ્ય છે

ત્યાંના રાજા પ્રતાપસિંહ પંજામાં સપડાયલી છે. અને માનસિંહ (અતિ હર્ષથી) શું તું આ સઘળું સત્ય કહે છે!

વીરસિંહ—પ્રવાસીના કહેવા મુજબ તો માં અસત્ય કંઈજ નથી. આટલા માટે પ્રતાતસિંહ ઉપર ચડાઈ લઈ જવા હું આપની પાસે રજા માગવા આવ્યો છું.

માનસિંહ—મારા વીરપુત્ર! એને માટે રજા નજ હોય. સર્વ લશ્કરને સજ્જ કરાવી તું તે તરફ સત્વરે જા અને વિજય મેળવી પાછો સત્વરે આવ. જો તારી ઈચ્છા હોય તો પ્રધાન મંડળને બોલાવી તેમના વિચાર પૂછ.

વીરસિંહ—આપણી ઈચ્છાને હું અનુસરીશ અને થોડાજ સમયમાં ઘણા શુભવર્તમાન વિદિત કરીશ. આજ્ઞા પિતાજી.

માનસિંહ—પધારો મારા વહાલા વત્સ!

(વીરસિંહ જાય છે.)

-❋-

પ્રવેશ ૨ જો.

સ્થળ:—પાનાચંદ શેઠનું ઘર.

પાનાચંદ, ભાનુમતિ અને ઘરનાં બીજાં માણસો.

છોરી બામનકી—એ રાહ.

પાનાચંદ—માન દાસી તું, માન દાશી તું વીંટીની વાત હું
પૂછું સહુ.—ટેક.

ભાનુમતિ—અવલથી આ મુદ્રીકા, મુજ હાથ વિસેતો રહી,
ખોટું તોહોમત મુજપર મુકતાં, શરમ આવી નહી,

પાનાચંદ—માન દાશી તું માન દાશી તું વીંટીની વાત હું
પૂછું સહુ. ૯૨

જા જા જુઠી વાત કરે છે વિચારી જો મનમાં
આવી ત્યારે પાસ ન દીઠી ચોરી કરી મુજ ઘરમાં
માન દાશી તું માન દાશી તું વીંટીની વાત હું
પૂછું સહું. ૫૩

ભાનુમતિ—શમજુ શાણા શેઠ થઈને વાત કરો કાં ઘેલી
પ્રથમ પ્રપંચની પેર પડતતો વાત કરત હું પેલી.

પાનાચંદ—માન દાશી તું માન દાશી તું વીંટીની વાત હું
પૂછું સહું. ૫૪

રંડા શાને વાદ કરે છે ચોરીપર શીરજોરી
સમજીને સોંપી દે નહીતો શિક્ષા થાશે ભારી
માન દાશી તું માન દાશી તું વીંટીની વાત હું
પૂછું સહું. ૫૫

ભાનુમતિ—સત્યપણેથી કહું છું સાચું શિક્ષા શાને કરશે
ન્યાય અને અન્યાય હશે તે ઈશ્વરને દીલ ઠરશે.

પાનાચંદ—માન દાશી તું માન દાશી તું વીંટીની વાત હું
પૂછું સહું. ૫૬

પાનાચંદ—પણ ત્યારે એ વીંટી જાય કયાં? હજી તો કાલ સાંજરેજ એક કડીઆરો મને આપી ગયો તેટલામાં તે વીંટી જાય કયાં? મારા ઘરમાં તારા શિવાય બીજું કોઈ પણ અજાણ્યું માણસ નથી માટે તારેજ એ વીંટી મેળવી આપવી પડશે.

ભાનુમતિ—પણ મારી પાસે ન હોય તે હું લાવું કયાંથી!

કેટલીક સ્ત્રીઓ—અમે એનું સર્વ અંગ તપાશીએ!

પાનાચંદ—એમ કર્યાવિના છુટકોજ નથી, કારણ કે એ વીંટી ઉપર તો મેં ઘણી મોટી આશા બાંધી હતી.

(ભાનુમતિને એક ઓરડામાં લઈ જઈ કેટલીક સ્ત્રીઓ તેનું અંગ તપાસે છે અને તેમ કરતાં કમર ઉપરથી એક વીંટી નીકલે છે.)

એક સ્ત્રી—(પાનાચંદને) મેં કહ્યું નહોતું કે આ બાયડી કોઈ વ્યંતર જેવી છે? જુઓ આ વીંટી તેની કમરમાંથી નિકળી.

(વીંટી આપે છે.)

પાનાચંદ—હેમા! તું જા તાકીદે અને જમાદારને બોલાવી આ બાયડીને દરબારમાં સોંપી દે, અને કહેજે કે એને મોટી સજા કરે.

ભાનુમતિ—શેઠજી, હું ગુન્હેગાર નથી અને ચોર પણ નથી. તમારી વીંટીનો ચોર બીજું કોઈ હશે. આ વીંટી તો મારી છે.

પાનાચંદ--જા રાંડ લુચ્ચી! વળી વીંટીની ધણી થવા આવી છે. હેમા! જો એ રાંડ ન આવેતો ચોટલો ખેંચીને ધસડી જા.

(તેમ કરી ભાનુમતિને બળાત્કારે દરબારમાં ધસડી જાય છે)

ચંદ્રાવતી—(પાનાચંદની વહુને) બેહેન! તમારી વીંટીતો અમારી ચાકરડી પાસે છે. લો જુઓ (વીંટી આપે છે.)

શેઠાણી—(શેઠને) હાહા, આ વીંટીજ આપણી!

પાનાચંદ—ત્યારે પેલી વીંટી કોની?

શેઠાણી—તેતો એનીજ હશે?

સુલોચના—(ચાકરડીના પોશાકમાં) શેઠજી, આ વીંટી તમારી પોતાનીજ હશે કેમકે કાલે સાંજે નાનાભાઈ અમારે ત્યાં આવ્યા હતા અને ત્યારપછી આ વીંટી મને કુચામાં પડેલી મળી હતી.

પાનાચંદ—ભાણા! તું દરબારમાં જા અને આપણી ચાકરડીને પાછી લઈ આવ. વીંટીતો અહીંથી મળી.

(ભાણો દરબારમાં જાય છે અને સઘળાં વીખરાઈ જાય છે)

— · ✻ · —

પ્રવેશ ૩ જો.

સ્થળ—મંગળપુરનો એક ભાગ.

વીરસિંહ, પ્રતાપસિંહ, મેનકા વિગેરે સૈન્ય અને પાછળથી માનસિંહ વિગેરે.

શુણો શાહા એ બાત હમારી—એ રાહ.

મેનકા—સુંણ ભ્રાત તું વાત હમારી,
રાક્ષસ ગયો મને હરી,
હતી ગુફા મહા ભય કારી રે.—શુણ૰ ૯૭
રાખી તે સ્થળ મુજને ભારી,
વેઠયું દુઃખ અતી દુઃખ કારી,
નજરે નાવે નરને નારી રે—શુણ૰ ૯૮
તે સ્થળ આવી મને તો ઉગારી,
પ્રથમ પતીએ દુસ્ટ સંહારી,
લીધા મેંતો પતી તે સ્વીકારી રે.—શુણ૰ ૯૯

વીરસિંહ—બ્હેન! જો પ્રથમથીજ એવા ખબર મળ્યા હોત કે રાજા પ્રતાપસિંહેજ તને બચાવેલ છે અને તારો પાણી ગૃહણ કરેલ છે તો એક દુશ્મન ઉપર ચડાઈ લઈ જવાની માફક વર્તી હું તારા પતીને પીડત નહીં.

મેનકા—આ વાણી સર્વદા સત્યજ છે કે "જે થાય તે સારાને માટે" ભાઈ! તારે ગયેલી બાબતનો શોચ કરવો સર્વથા નિષ્ફળ છે.

પ્રતાપસિંહ—રણધીર વીરસિંહ! જ્યારે સત્ય વાર્તાનો પટ સ્વતઃખુલો થયો છે ત્યારે હવે ફકત તમારી લઘુ વય છતાં તમે બતાવેલી સર્વોત્તમ બ્હાદુરીની અમારે પ્રશંસા કરવી બાકી રહી છે

મેનકા—ભાઇ! હજી સુધી સામૈયું કેમ નહિ આવ્યુ હોય બાપા અહીં કયારે આવશે,

રાગ ઓખા હરણ.

વીરસિંહ—

જો જો એની સામૈયું આવે, સાથે અમીર ઉમરાવ સોહાવે. ૧૦૦
નગરશેઠ માઝન પ્રજા સહું પાળા પાયદળ દીશે બહુ. ૧૦૧
ઘોડેસ્વારનો ના આવે પાર પૃથ્વી ન શકે ઝીલી ભાર. ૧૦૨
મધ્ય સ્થાને છે હય પર સ્વારી તે છે પીતા આપણા જો ધારી. ૧૦૩
દીશે વૃદ્ધ મહાગંભીર પાસે બેઠા તે છે રે વજીર ૧૦૪
સૈનાપતી અને છે દિવાન સામૈયું લેઈ આવ્યા રાજન ૧૦૫

(આંગળી બતાવીને) જો પેલા સર્વેથી અગ્રે, સફેદ કેશવાળા અને વયે વૃદ્ધ દેખાતા મદમસ્ત હાથી ઉપર બેઠેલા દેખાય છે તે આપણા પિતાશ્રી છે.

મેનકા—ઓહોહો! કેટલો બધો ફેરફાર! જો તેં પિતાશ્રીની ઓળખ નહિ આપી હોત તો હું કદિપણ તેમને ઓળખી શકત નહિ.

વીરસિંહ—વખતનું અંખડ વહેવું અને ચિંતાનું ચાલુ રહેવું મનુષ્યમાં શું શું ફેરફાર નથી કરતું એની કલ્પના કંઈ થઈ શકે છે?

(સામૈયું આવે છે અને સર્વે એક બીજાને મળી, ભેટી, આનંદ પામી અભિવંદન આપે છે. મેનકા અને પ્રતાપસિંહને માનસિંહ મળી, ચડાઈ માટે ક્ષમા માગી થોડીક મુદત પોતાને ત્યાં રહેવા વિનતિ કરે છે. આ પછી સઘળાઓ ઈશ્વર સ્તુતી કરે છે.)

તુન કુમલાજાઅરવા—એ રાહ.

શહાય કીધી તેં મારી ઓ શાહય કારી,
પુત્રી ભેટાડી દુખ નીવારી; શહાય કીધી તે મારી. ૧૦૫
અપાર આનંદ ઉપજ્યો અંગે, કૃતી તારી છે ન્યારી, ૧૦૬
રંકને તુ રાય બનાવે, કરે પળમાં તું ખ્વારી. ૧૦૭
અવની તળ આકાશવાયુમાં રહયો વ્યાપી જગકારી, ૧૦૮
આધાર મોટો સૌને છે તારો અન્ય નહી મે વહારી. ૧૦૯

(સવ જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ :—દરબાર કોર્ટ.

વીરસિંહ, માનસિંહ, પ્રધાનો, ઉમરાવો અને કનકસિંહ,
મેનકા, પ્રતાપસિંહ, ભાનુમતિ, કલહપ્રિયા, સુલોચના,
તથા વેપારીઓ વિગેરે.

એક ઉમરાવ—આજની દરબારનો દબદબો કંઈ ઓરજ છે અને આજનું કામ પણ ઓરજ છે. મહારાજા વીરસિંહનો પ્રતાપ આજે અદભૂત રૂપે પ્રકાશે છે,

બીજો ઉમરાવ--નિશ્ચય, એમજ છે.

વીરસિંહ--(પ્રધાનને) આજના કેશની જે કેરીયત તમે મને કહી સંભળાવી તે કેસ શું મૂખ્ય ન્યાયાધિશ પાસે તપાસમાં લેવાયો હતો ?

પ્રધાન—મ્હારાણા! એમજ છે.

વીરસિંહ—ત્યારે એ કેસના તમામ આશામીઓને મારી સમક્ષ ઉભા કરો.

પ્રધાન—જેવી આપ નામદારની ઈચ્છા.

(કનકસિંહ કોર્ટના મૂખ્ય જમાદાર તરીકે, પાનાચંદ શેઠના ઘરના ફરિયાદીએ આવેલા નોકરો, ભાનુમતિ, કલહપ્રિયા અને સુલોચના વિગેરેને દાખલ કરે છે.)

પ્રધાન—(વિરસિંહના ફરમાવ્યાથી) આ કામનો ફરિયાદી કોણ છે ?

હેમો—સાહેબ! હું છું. (નજદીક જાય છે.)

પ્રધાન—તું પ્રતિજ્ઞા કર કે હું જે કંઈ કહીશ તે સાચુંજ કહીશ. (હેમો પ્રતિજ્ઞા કરે છે.) બનેલો તમામ હેવાલ હવે તું અથઈતિ કહે.

હેમો—મારૂં નામ હેમો છે અને મારા બાપનું નામ મેઘો છે. હું તેજ નગરનો રહીશ છું અને મારો ઉદ્યોગ ચાકરીનો છે. આ ગામના પ્રખ્યાત નગરશેઠ પાનાચંદને ત્યાં હું નોકર છું. આ બાઈ (ભાનુમતિ તરફ આંગળી બતાવી) આજથી એક માસ ઉપર સવારના છ વાગે કંગાળ હાલતમાં આવી શેઠને કહેવા લાગી કે મને ખાવા પીવા અંન્ન અને પેહેરવા વસ્ત્ર આપો તો હું તમારી ચાકરી કરીશ. વળી એમ પણ કહ્યું હતું કે હું એક ઊંચી જાતની સ્ત્રી છું. મારા શેઠને તેની હાલત જોઈ દયા આવવાથી પોતાના ઘરમાં છોકરાં સાચવવા રાખી. બનાવ એવો બન્યો કે આજથી ત્રણ દિવસ ઉપર આ કઠિયારો (કઠિયારા તરફ આંગળી કરી) એક વીંટી વેચવા સારૂ મારા શેઠની દુકાને આવ્યો મારા શેઠે તે વીંટી વેચાતી લીધી અને તે એવા ઈરાદાથી કે સદરહુ વીંટી વેચી નહિ નાખતાં મારી શેઠાણીને આપવી. આ ધારણા મુજબ તે વીંટી બીજે દિવસે ઘરમાં આપવામાં આવી પણ નવી જણસ જાણી નાના છોકરાએ આગ્રહ કર્યાથી આ બાઈ (ભાનુમતિ) દેખરેખ તળે તેને આપવામાં આવી વીંટી સહિત છોકરાને તેડી તે બહાર ગઈ હતી અને સાંજરે પાછી આવી ત્યારે તપાસતાં માલુમ પડયું કે વીંટીતો ગુમ થઈ છે. આ ખબર શેઠને આપવામાં આવ્યા હતા અને શેઠે સ્ત્રીઓની મારફતે તપાસ કરાવતાં આ બાઈ (ભાનુમતિ)ની પાસેથી તે વીંટી નીકળી. આ ઉપરથી આપ નામદારની ન્યાય કોર્ટમાં ફરિયાદ કરવામાં આવી પણ કેસ અત્રે કમીટ થયા પછી માલુમ પડયું કે જેવી વીંટી આ બાઈ પાસેથી નિકળી તેવીજ વીંટી મારી શેઠાણીની બેને રાખેલી ચાકરડી પાસેથી પણ નિકળી. આ પ્રમાણે આ કેસની હકિકત હું જાણું છું. વિશેષ ખબર નથી.

પ્રધાન—(ભાનુમતિ) બાઈ તમારૂં નામ શું અને કહો કે હું જે કંઈ બોલીશ તે પરમેશ્વરને માથે રાખીનેજ બોલીશ.

ભાનુમતિ—મુદ્દાનો માલ મળ્યો છે અને સર્વ કંઈ બીના આપ નામદારના જાણવામાં આવી છે એટલે હું પ્રતિજ્ઞા નહિ આપવાની અર્જ કરૂં છું.

પ્રધાન—દરેક કેસના આશામીઓને કોર્ટે તપાસવા જોઇએ અને તપાસતાં પેહેલાં પ્રતિજ્ઞા આપવાની જરૂર છે.

ભાનુમતિ—કોર્ટને જોઈતી હકિકત નિવેદન થઇ છે તે પછી અતિ સખ્ત પ્રતિજ્ઞાની સાંકળમાં પ્રજાને શામાટે સાંકળવી જોઈએ?

વીરસિંહ—(એકદમ જાતેજ બોલી ઉઠે છે) બાઈ! કોર્ટની ધારણા છે કે આ કેસના ઉંડાણમાં કંઈ પણ તત્વ રહેલું છે, માટે વધારે તપાસ કરવી.

ભાનુમતિ—નામદાર મ્હારાણાના હુકમને હું આધિન છું.

વીરસિંહ—તમે ઇશ્વરને હાજર નાજર જાણી કહો કે તમારૂ નામ શું છે.

ભાનુમતિ—હું ધારૂં છું કે આપને મારા નામ કરતાં મારી પાસેની હકિકતનુ વધારે કામ છે.

વીરસિંહ—(આશ્ચર્ય પામતો) એ વિચાર કરવાનું કામ તમારૂં નહિ પણ કોર્ટનું પોતાનું છે

ભાનુમતિ—હું તો માત્ર કોર્ટને સૂચવું છું.

વીરસિંહ—કોર્ટ તે લક્ષમાં લેશે.

ભાનુમતિ—હું કોર્ટને વિનતિ કરૂં છું કે કોર્ટે મારી અર્જ લક્ષમાં લેવી.

વીરસિંહ—(જરા ક્રોધથી) તમારી અર્જ સાંભળવાને કોર્ટ બંધાયલી નથી. કોર્ટ જે કંઈ પુછે તેનો તમારે તરતજ પ્રત્યુત્તર આપવો જોઈએ.

ભાનુમતિ—કોર્ટના હુકમને હું સર્વદા આધિનજ છું તથાપિ જે બાબત વિષે કોર્ટના કામને સંબંધ નથી અને જે બાબતથી વિના પ્રયોજને કોઈનું પણ દીલ દુઃખાય છે તેવો હુકમ ન થાય એજ ઉમદા ન્યાયનો ઉદ્દેશ છે.

વીરસિંહ—કોર્ટ જે ન્યાયનું હમણાં અનુસરણ કરે છે તેને શું તમે ઉમદા કહેતાં નથી?

ભાનુમતિ—આ પ્રશ્નનો ઉત્તર આપવાને હું ખુશી નથી.

વીરસિંહ—(ગુસ્સાથી) આવા નાના કેસમાં તમે કોર્ટનો કેટલો બધો વખત રોકી રાખ્યો છે તે તમારે તપાસવું જોઇએ અને હવે હું આ વિષે-મારા હુકમને અમલમાં મેલવા શિવાય વધારે સાંભળવા ખુશી નથી.

ભાનુમતિ—જેવો આપ નામદારનો હુકમ.

વીરસિંહ—તમે કહો કે હું જે કંઈ બોલીશ તે પરમેશ્વરને સમક્ષ જાણી સત્ય બોલીશ.

ભાનુમતિ—(પ્રતિજ્ઞા લે છે.)

વીરસિંહ—તમારૂં અને તમારા પતિનું નામ શું?

ભાનુમતિ—મારૂં નામ ભાનુમતિ અને—

કનકસિંહ—(જે આ બધી વાતચિત એક લક્ષે સાંભળ્યા કરતો હતો અને એક ટશે ભાનુમતિ તરફ જોઈ રહ્યો હતો તે એકાએક બોલી ઉઠે છે.) કોણ ભાનુમતિ? શું તું હજી જીવે છે? અને તે આવી દયાપાત્ર હાલતે? આવા અપમાન વચ્ચે? શું—

વીરસિંહ—(એકદમ ગુસ્સાથી) જમાદાર! આ ધાંધલ ને ધરપચ શી? કોર્ટના ચાલતા કામના દરમિયાન તમને આમ બોલવાનો અખ્તિયાર કોણે આપ્યો? બસ! બંધ કરો તમારી લવારી નહિતો ઘટતા ઉપાયો લેવાની ફરજ પડશે.

કનકસિંહ—માફ કરો મારા સરદાર! આ તમારો પટો અને તરવાર. (પટો અને તરવાર નીચે મુકે છે.)

મેનકા—(જે એક પડદા પાછળ બેઠી હતી તે આ ગરબડ સાંભળીને પોતાની દાશીને કહે છે.) તું કહે ન કહે પણ એજ મારી જુની મૈત્રીણી, એજ મારો પ્રાણ બચાવનારી ભાનુમતિજ છે.

દાસી—બાઈ! એવાં નામવાળી બાઇઓતો અનેક આ પડે છે.

મેનકા—પણ આ ભાનુમતિતો એકજ છે. તેની બોલવાની છટા, ઉભા રહેવાની ઢબ, શરિરની ચંચળતા અને તકરારની ખુબી ભાનુમતિ શિવાય અન્ય સ્ત્રીમાં નજ હોય.

વીરસિંહ—ઘણું સારૂં. એક બાજુએ બેસ (એક શીપાઈને) આ સઘલું લઇ લે (ભાનુમતિને) અરે બાઈ આ કેસની કેટલીક હકિકત, અને તમારી બોલવાની ઢબ ઉપરથી મને લાગે છે કે તમે મહા દુઃખી અવસ્થામાં છો માટે તમે તમારી સર્વે હકિકત નિવેદન કરો. (તેમ કરે છે.)

હિજેસનમાં જીંદગી—એ રાહ.

ભાનુમતી—કહુ કથા હું મારી ઓ શુણો ચીતે ધરી,
કનકાવતી નરેશની હું તારૂણી ખરી—કહુ.

પાપી પ્રપંચી શોક્યથી, પતીએ પરહરી,
યુવરાજના મૃત્યુતણું આળ મુજ શીરે ધરી,
શીર છેદ કરવા મુજને ચંડાળ સર કરી.—કનકાવતી. ૧૧૦

ગર્ભ હતો ઉદર વિષે જન્મ વનમાં થયો
બાળ મુકી નાવા જતાં ધોધ ખેંચીતો ગયો
રાક્ષસે કાઢી મુજને—લાવી ગુફામાં પુરી.—કનકાવતી. ૧૧૧

મળી તે સ્થળ મેનકા આપી ધૈર્યતા ઘણી
દરશાવી વાતનીજની મુજ આફતો હણી,
લાવ્યો રાક્ષસ તેને હરી દુષ્ટ બુદ્ધીએ કરી—કનકાવતી. ૧૧૨

યુવરાજ શાંતીપુરના પ્રતાપસંગ કુમાર
સહાય કીધી આવી ઘણી કર્યો દુષ્ટનો સંહાર
સ્વઈચ્છાએ મેનકા પ્રતાપસંગને વરી—કનકાવતી. ૧૧૩

બાળી ગુફા જુદાં પડે ચહડી ગુણકાને હાથ
દુષ્ટાની દુષ્ટ ધારણા દુષ્ટ રાજાનીરે સાથ
શિળભંગ બનવું ન કદી દુઃખ જો પડે ભારી—કનકાવતી. ૧૧૪

નાશી આવી આ શેહેરમાં પાનાચંદને ઘેર
દયા ધરી રાખી મને છેવટ છે આ પેર
અવદશાની આ આળ છે અન્ય દેશ નજરી–કનકાવતી. ૧૧૫

વીરસિંહ—કોણ મારી વ્હાલી માતા! (એકદમ હર્ષાવેશમાં રાજ્યાસનેથી નીચે ઉતરી ભાનુમતિને પગે પડે છે મેનકા આવી ભાનુમતિને ભેટે છે, આ પછી કનકસેન, સુલોચના, કલહપ્રિયા, પ્રતાપસિંહ અરસપરસ ભેટે છે ને પછી સઘળાં માનસિંહને સર્વ હકીકત નીવેદન કરે છે.)

માનસિંહ—વત્સ વીરસિંહ આજના મારા આનંદનો પાર આવી ઉત્તમ ઘડી મેં મારા જન્મમાં કદિપણ અનુભવી નથી. અને (પ્રતાપસિંહ તરફ જોઇ) રણવીર પ્રતાપસિંહ! મારી પ્રિય પુત્રી મેનકાનો હાથ તમનેજ સોંપું છું જેનું સમારંભ સહ યથાવિધિ દાન હું મારે સ્વહસ્તેજ કરીશ.

પ્રતાપસિંહ—શુભંભવંતુ! (કનકસિંહ તરફ જોઇને) મારા પ્રિયબંધુ! કનકપુરીની ગાદી હું પુનઃ તમનેજ સોંપું છું.

કનકસિંહ—નેકીનો બદલો નેકીથી અને બદીનો બદલો બદીથી કેવી સરસ રીતે મળી શકે છે તેનો જો તમારે પ્રત્યક્ષ દાખલો જોવો હોયતો મને પોતાનેજ જુઓ! કાચા કાનથી કેવી અને કેટલી ભયંકર ખરાબી થાય છે તે જોવું હોય તો મારી અને મારા રાજ્યની હાલત નિહાળો? અગ્નિની ઝાળમાં બેદરકારી કેવી ઝડપથી મનુષ્ય જાતને પ્રજાળી નાંખે છે તે માટે નિહાળો મારી રૈયતનો કરૂણાજનક પોકાર! વ્યભિચાર! હા દુષ્ટ વ્યભિચાર! મનુષ્યજાતિનુ નિકંદન કાઢનાર વ્યભિચાર! લાખોના પાળનાર ને લાખોના ઉપર હાકમી ચલાવનાર મહારાજાની પણ કેવી ભુંડી હાલત કરે છે તે જો જોઇને પ્રભુથી ડરવુ હોયતો મારો પોતાનો દાખલો જુઓ! (વીરસિંહને અને ભાનુમતિને) મારા વ્હાલા વત્સ અને પ્રિય પટરાણી! મને માફ કરો. આ કંગાળ, આ ઘાતકી, આ દુષ્ટ અને આ કદિ નહિ ધિક્કારવા લાયક પિતા, પતિને ક્ષમા કરો. ક્ષમા કરો. (ત્રણે અશ્રુપાત કરે

છે) પુત્ર! શાંત થા! હવે હું વૃદ્ધ થયો છું માટે પ્રતાપસિંહની કૃપાને પાત્ર નથી. વ્હાલા પુત્ર! કનકપુરીની ગાદિનો તું જ સ્વિકાર કર અને પ્રજાનું પ્રેમથી પાળણ કરી દીર્ઘાયુ થા!

વીરસિંહ—જેવી આજ્ઞા!

માનસિંહ—ત્યારે ચાલો આપણે બધાં આજના અવર્ણનિય આનંદના બદલામાં ઈશ્વર સ્તવન કરીએ.

(સઘળાં ઈશ્વર સ્તવન કરેછે.)

છે જન પાલક—એ રાહ.

ઓ ઇશ કૃપાળ દયાળ તું અમારો
કરીએ વિનતી આજ,
સૃષ્ટીતણો તું છે રચનાર,
જન્મ મરણનો છે કરનાર,
અમતણી આફત તુ હરનાર,
સરવેની ધરો ઉરદાઝ.—ઓ ઈશ. ૧૧૬

ધર્મ નેકીનો મર્મ ભૂલીને,
કરે અનીતી અપાર,
તે જન પામે નહી સુખસાર,
જગત વિસે પામે ફિટકાર,
તે પર રૂઠયો રહે કીરતાર,
નીજ લેશ રહે નહી લાજ.—ઓ ઈશ. ૧૧૭

મુજ વીતી સૌ મન ધરીને,
ચડશો ન કદી આ પંથ,
ઈશ્વરનો છે સાચો ન્યાય,
પાપી પાછળથી પસ્તાય,
સતવાદી તો સુખી થાય,
સૌ સુધરે તેનાં કાજ.—ઓ ઈશ. ૧૧૮

સમાપ્ત.

પ્રથમ આશ્રય આપનાર ગ્રહસ્થોનાં નામ.

	મુંબઈ.	નકલ.
રા. રા	કાળીદાસ પાનાચંદ બુકશેલર...	૧૦૦
„	ચુનીલાલ મોતીલાલ શેઠ	૨૫
„	હરકિસનદાસ બ્રિજલાલ માસ્તર	૨૫
„	રણછોડદાસ લાલદાસ માસ્તર	૧૦
„	જગન્નાથ જેઠાભાઈ માસ્તર	૧૦
„	ભવાનીશંકર કાળીદાશ માસ્તર	૧૦
„	ચુનીલાલ બાપુજી માસ્તર	૧૦
„	મોહનલાલ પ્રસાદરાય માસ્તર	૧૦
„	દીનમણીસંકર રૂપસંકર માસ્તર	૧૦
„	નાથાલાલ કુબેર માસ્તર	૧૦
„	જયશંકર જેઠાભાઈ	૧૦
„	હરદેવલાલ દુલેભરામ	૮
„	બાપાલાલ જેભાઇ માસ્તર	૫
„	નાથાલાલ કિરપારામ માસ્તર	૫
„	નાનાલાલ નારણદાસ માસ્તર	૫
„	હીરાલાલ જગજીવન માસ્તર	૫
„	જયસંકર નારણજી માસ્તર	૫
„	ઉમીયાસંકર જીવતરામ માસ્તર	૫
„	રણછોડદાસ સુરજી	૧૦
„	પ્રભાસંકર ત્રીભોવન તરવાડી	૫
„	ગવરીશંકર પુરૂશોતમ તરવાડી	૫
„	મગનલાલ ઘેહેલાભાઈ ડાક્ટર	૫
„	મનસુખરામ શીવસંકર માસ્તર	૫
„	અમૃતલાલ રૂખદેવ જોસી	૩
„	અંબાસંકર ગવરીસંકર	૩

	નકલ.
રા. રા. બાબુ નરોતમદાસ	૧
,, કાનજી દયાળ	૧
,, ભીમજી મુળજી	૧
,, નારણસંકર ફકીરભાઈ	૧
,, મીઠાલાલ કેશવલાલ	૧
,, ચદા રામજી લુવાણા	૧
,, લાલજી પીતામ્બરદાસ	૧
,, માધવજી દામોદર	૧
,, બાપુલાલ ચુનીલાલ	૧
,, હરકિસનદાસ મયારામ	૧
,, માણેકલાલ ભોગીલાલ	૧
બા ઈચ્છાબાઈ ત્રીકમલાલ	૧
બેન ફુલકોર મોતીરામ	૧
બેન ડાહીકોર મોતીરામ	૧
રા. રા. વીઠલદાસ ઓડાભાઈ	૧
,, જીવરાજ જુઠાભાઈ	૧
,, નાનાલાલ કાસીદાસ	૧
,, અમૃતલાલ લલ્લુભાઈ માસ્તર	૧
,, માણેકલાલ ધીરજરામ માસ્તર	૧
,, નગીનદાસ છોટાલાલ	૨
,, વીરચંદ વલ્લભરામ	૧
,, હરીલાલ હીરાલાલ	૧
,, હેમરાજ માણેકચંદ	૧
,, લાલજી હીરજી	૧
,, પ્રહલાદ દેવશંકર	૧
,, વનમાળી ગાંધી	૧
,, સેવકરામ જગદીશ	૧
,, ચુનીલાલ રણછોડ	૧
,, ભાઈલાલ ગોવીંદરામ	૧

		નકલ.
રા. રા.	પરશોતમ અનોપરામ	૧
,,	રેવાશંકર કાપડીયા	૧
,,	મચ્છાશંકર હરીરામ	૧
,,	કીસનદાસ જમનાદાસ	૧
,,	મગનલાલ ગોવનજી	૧
,,	ભાઈચંદ વનમાળી	૧
,,	મગનલાલ લલ્લુભાઈ ડાક્ટર	૧
,,	બાપુલાલ ભાઇશંકર	૧
,,	અમૂલખચંદ પૂનમચંદ...	૧
,,	મણીલાલ દામોદર	૧
,,	દુર્ગાસંકર માસ્તર	૧
બાઈ	આવાંબાઈ	૧
રા. રા.	નગીનદાસ ભુખણદાસ	૧
,,	જગમોહનદાસ વદ્રાવનદાસ	૧
,,	છોટાલાલ નરભેરામ	૧
,,	હોરમજજી દી. સુરતી	૧
,,	ગંગાદાસ ભાઈદાસ	૧
,,	નગીનદાસ દલપતરામ	૧
,,	ગોવીંદરામ દી. વાડીયા...	૧
,,	ઘેલાભાઈ નરભેરામ ડાક્ટર	૧
,,	મણીલાલ સુંદરજી	૧
,,	રામજી બાપુજી	૧
,,	છોટાલાલ હરીલાલ	૧
,,	ગાંધી વનમાળી ભીંડીબજાર	૧
,,	ભગવાનદાસ કરસનદાસ	૧
,,	રંગીલદાસ મોતીલાલ	૧
,,	ચુનીલાલ ગોરધન ડાક્ટર	૧
,,	નગીનદાસ મોતીલાલ થાણાવાલા	૧
,,	શીવશંકર પુરશોતમ માસ્તર	૧

		નકલ.
રા. રા.	પ્રેમજી નાનજી ચાવડા...	૧
,,	શ્રીજીની નવી પેહેડીમા પ્રેમજી નાનજીની ભેટ ...	૧
,,	ડાહ્યા કહાનજી ચાવડા...	૧
,,	ભાઈદાસ રણછોડદાસ	૧
,,	તલકસી હેમરાજ...	૧
,,	વેલજી વીરજી	૧
,,	જાદવજી વલભજી	૧
,,	ગોવનજી લાલજી...	૧
,,	સાકરલાલ હીરાલાલ	૧
,,	ગાંગજી ત્રીકમ	૧
,,	નાનાલાલ લલ્લુભાઈ	૧
,,	દેવીદાસ સગાળદાસ	૧
,,	મણીલાલ દલપતરામ	૫
,,	જોસી દેવજી લવજી ફોટોગ્રાફર	૧
,,	ગોકલદાસ જીવરાજ	૧
,,	ખોધાભાઈ લક્ષ્મીચંદ	૧
,,	માનભાઈ વજેસંકર	૧
,,	ચુનીલાલ જેકીસનદાસ...	૧
,,	અચ્છારામ ઘેહેલાભાઈ...	૧
,,	ધીરજલાલ લલ્લુભાઈ...	૧
,,	આદીતરામ દયારામ	૧
,,	લલ્લુભાઈ મયારામ શાહીવાળા	૧
,,	ભોગીલાલ મુળચંદ	૧
,,	રૂગનાથદાસ પરમાણંદદાસ	૧
,,	નાથાલાલ મથુરભાઈ	૧
,,	દલસુખ બાપુજી...	૧
,,	ભાઈસંકર કૃષ્ણરામ	૧
,,	મંગળ કૃષ્ણરામ...	૧
,,	શીવલાલ મોતીલાલ ભજીયાવાળા	૧

નડીયાદ.	નકલ.
રા. રાજેશ્રી ગોપાળદાસ બિહારીદાસ	૨૦
„ હરિલાલ કીરપારામ વકીલ	૧૦

ધોલકા.

રા. રા. ભોગીલાલ કરૂણાસંકર મુખત્યાર	૧
„ મણિલાલ મગનલાલ	૧
મી. મહાલક્ષ્મી બરકતરામ	૧
મી. પાર્વતી ગણેસલાલ	૧
મી. મહાલક્ષ્મી નાથાલાલ	૧
રા. રા. મહાદેવભાઈ ગોરધનદાસ	૧
„ જગન્નાથ જેઠાભાઈ રાવળ	૧૦
„ ગવરીસંકર ઉમીયાસંકર	૧
„ ઉમેદરામ ઉત્તમરામ	૧
„ ઉત્તમરામ પ્રભુરામ	૧

સરોડા.

રા. રા. ઉમીયાસંકર મોરારભાઈ	૧

થાણા.

રા. રા. મોતીલાલ હરગોવનદાસ	૫
„ નરસીલાલ જેકીસનદાસ	૨
„ વજેસંકર શીવશંકર	૧
„ હીરાલાલ ધરમદાસ	૧
„ સોમેશ્વર હરખરામ	૧
„ મંગળદાસ દેવીદાસ	૧
„ ગંગાદાસ જમનાદાસ	૧
„ સોમેશ્વર રેવાશંકર	૧

ખંભાત.

રા. રા. મણીસંકર શીવશંકર	૧
„ છગનલાલ ભાઈસંકર	૧
„ મગનલાલ જેભાઈ	૧
„ મોહનલાલ દયાસંકર	૧

ગાધાવી.

રા. રા. ગોકલ લેહેરાભાઈ	૧
„ મુળચંદ માનચંદ...	૧

માંડળ.	નકલ.
રા. રા. કેવળદાસ ખેતસી	૧
,, ઓધાભાઈ લલુભાઈ	૧
વીરમગામ	
રા. રા. મણીસંકર વિશ્વનાથ સુકલ	૧
,, ઈશ્વરલાલ દેવસકર વકીલ	૧
વસઈ.	
રા. રા. હરીલાલ મયારામ	૧
દેહેગું.	
રા. રા. મગનલાલ ગોવનજી	૧
ધરમપોર.	
રા. રા. કપુરચંદ ગોપાળજી	૩
ઉંઝા.	
રા. રા. જોઈતારામ મૂગટરામ	૧
ખેડા	
રા. રા. નાનાલાલ નરસીંહરામ...	૫
,, હીરાલાલ કાળીદાસ	૧
,, ચુનીલાલ મગનલાલ દેશાઈ	૧
,, હીરાલાલ હરગોવીંદ	૧
,, હરીલાલ ત્રીભોવન ભટ	૧
ત્રાંસદ.	
રા. રા. અમૃતલાલ સુંદરલાલ માસ્તર	૧
સાણંદ.	
રા. રા. વ્યાસ મોતીલાલ અભેરામ	૧
,, પંડીત પુરૂષોતમ કાળીદાસ માસ્તર	૧
,, વાડીલાલ ખુશાલદાસ વકીલ	૧
,, કચરા નથુભાઈ ગાંધી	૧
,, નારણદાસ ભગવાન મેરાઈ	૧
,, કાળીદાસ દેવકરણ મેહેતા	૧
સારંગપુર.	
રા. રા. હસમુખરામ રમણીકલાલ મોરલીધરની પેઢી ...	૧૫